વડ રૂપી વિશાળ વ્યક્તિત્વના છાયણે, તમારા જીવન આદર્શો મેળવતા તમારા આપેલ
સંસ્કારોના સિંચન સાથે આપશ્રીનું સાદું જીવન, સદ્‌વિચાર, સહજ, મિલનસાર, સહૃદયી
સંગીત પ્રેમી લાગણી સભર સ્વભાવ હમેશા પ્રેરણા આપતો રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપની દિવ્ય આત્માને સદ્‌ગતિ અર્પે ... ૐ શાંતિ શાંતિ શાંતિ...

– શ્રદ્ધાનવત –

**ગિરીશભાઇ જેઠાલાલભાઇ રાઠોર** (પતિ)

અ.સૌ. ઉમાબેન-મુકુંદભાઇ (ટપ્પુભાઇ) રાઠોર (જેઠાણી/જેઠ)
ગં.સ્વ. ભારતીબેન-સ્વ. મધુભાઇ રાઠોર (જેઠાણી/જેઠ)
ગં.સ્વ. રશ્મિબેન-સ્વ. તરૂણભાઇ રાઠોર (જેઠાણી/જેઠ)
ગં.સ્વ.કવિતાબેન-સ્વ. કિરીટભાઇ રાઠોર (જેઠાણી/જેઠ)

અ.સૌ ભૂમિકા-સિદ્ધાર્થ મારૂ (દીકરી-જમાઇ), ચિ. હર્ષિત ગિરિશભાઇ રાઠોર

અ.સૌ. જાગૃતિ-અમીતભાઇ રાઠોર (ભત્રિજા વહુ-ભત્રીજા)
અ.સૌ.પરિંદા-કપીલભાઇ રાઠોર (ભત્રિજા વહુ-ભત્રીજા)
અ.સૌ. ભાવના-ભારતેશ રાઠોર (ભત્રિજા વહુ-ભત્રીજા)
અ.સૌ. નિલુ-તુષાર રાઠોર (ભત્રિજા વહુ-ભત્રીજા)
અ.સૌ. અનુષા-વિશાલ રાઠોર (ભત્રિજા વહુ-ભત્રીજા)
કુ. અદિતી કિરીટભાઇ રાઠોર

ગં.સ્વ. કંચનબેન ભગવાનલાલ ચાવડ઼ા, નણંદ-બનેવી (રાયપુર)
અ.સૌ. પ્રભાબેન રમણીકલાલ ટાંક નણંદ-બનેવી (રાજનાંદગાંવ)
અ.સૌ. ભાવનાબેન દિનેશભાઇ વાઢેર નણંદ-બનેવી (રાયપુર)
અ.સૌ. અન્નાબેન દિલીપભાઇ રાઠોડ઼ નણંદ-બનેવી (નાગપુર)

... સમસ્ત રાઠોર પરિવાર ...

ગીરનાર રેસ્ટોરેંટ એવં પુનમ સ્વીટ્સ - રાયપુર ( છ.ગ.)

98263 31212 - મુકુંદભાઇ (ટપ્પુભાઇ) રાઠોર 9893063076 - ગિરિશભાઇ રાઠોર

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### સ્વ. સાવિત્રીબેન શાંતિલાલ ટાંક

જન્મ તા. ૨૭-૦૯-૧૯૪૯   સ્વ. તા. ૧૩-૦૮-૨૦૨૩

દેશમાં ગામ : સિનુગ્રા (કચ્છ)   હાલ મુકામ : અમદાવાદ

તમારૂં જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભુલીશું નહીં. તમે પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું. કાયમ બધાનું સન્માન જાળવ્યું.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના...ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| શાંતિલાલભાઇ ખીમજીભાઇ ટાંક | પતિ |
| ચંદ્રકાન્તભાઇ શાંતિલાલભાઇ ટાંક | પુત્ર |
| નિલમબેન ચંદ્રકાન્તભાઇ ટાંક | પુત્રવધુ |
| સુર્યકાન્તભાઇ શાંતિલાલભાઇ ટાંક | પુત્ર |
| ધર્મિષ્ઠાબેન સુર્યકાન્તભાઇ ટાંક | પુત્રવધુ |
| બ્રિજેશ ચંદ્રકાન્તભાઇ ટાંક | પૌત્ર |
| શિતલ બ્રિજેશ ટાંક | પૌત્રવધુ |
| હાર્દિક ચંદ્રકાન્તભાઇ ટાંક | પૌત્ર |
| ખ્યાતિ જીતેશભાઇ સોલંકી | પૌત્રી |
| ગ્રીષ્મા (ગુડ્ડી) સુર્યકાન્તભાઇ ટાંક | પૌત્રી |
| વ્રિધ્ધી, આધ્યા, કિયાના | દોહીત્રી |

**સમસ્ત ટાંક પરિવાર**

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### સ્વ. વિજયાબેન કાંતિલાલભાઈ ચાવડા

જન્મ તા. ૦૫-૦૫-૧૯૫૨   સ્વ. તા. ૧૭-૦૭-૨૦૨૩

ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
અમારી છત્રછાયા સમા માતોશ્રી અમારા, યાદ રહેશે અમોને
સદા સંસ્કાર તમારા.... અંજલી માટે શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાસુમન અર્પિત છે ચરણોમાં તમારા...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના...ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. ગોદાવરીબેન સ્વ. મેઘજીભાઇ ચાવડા | સાસુ-સસરા |
| સ્વ. કાંતિલાલભાઇ મેઘજીભાઇ ચાવડા | પતિ |
| સ્વ. પુષ્પાબેન સ્વ. રતિલાલભાઇ ચાવડા | જેઠ-જેઠાણી |
| સપના મનોજભાઇ ચાવડા | પુત્રવધુ-પુત્ર |
| લતા ચેતનભાઇ ચાવડા | પુત્રવધુ-પુત્ર |
| પૂર્વિ રાહુલભાઇ ચાવડા | પુત્રવધુ-પુત્ર |
| ભુમિકા ભાવેશભાઇ રાઠોડ | પુત્રી-જમાઇ |
| ગં.સ્વ. પ્રિયંકા સ્વ. કિરણભાઇ ચાવડા | ભત્રીજાવહુ-ભત્રીજો |
| જોત્સ્ના દિલીપભાઇ ચૌહાણ | ભત્રીજી-જમાઇ |

પ્રિતી, હેમંત, નિખિલ, વૈભવ, પાર્થ, રોહિત, સુયશ, કેવલ, વ્યોમ
ઓજસ, લક્ષ્મી, ઇશા, ઇશાન (પૌત્ર-પૌત્રી-દોહિત્રા-દોહિત્રી)

**સમસ્ત ચાવડા પરિવાર**

મનોજભાઇ કાંતિલાલભાઇ ચાવડા (પુત્ર) મો.નં. ૯૪૨૩૪૫૬૩૧૧

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જીવન એવું જીવ્યા કે સૌને યાદ રહે સેવા કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, સુખમાં સૌને સાથીદાર કર્યા પણ દુઃખને જણાવવા દીધું નહીં. કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાંદેડ ઘટક પ્રમુખ પદ પર અનેક વર્ષો સેવા આપી. આપના ઉચ્ચ વિચાર, મિલનસાર સ્વભાવ, ધર્મમય જીવન, દુઃખમાં પણ સહજ રહેવું આવો સ્વભાવ અમે સર્વેને પ્રેરણા આપતા રહેશે. આપના આશીષ અમારા પરિવાર પર સદા રહે, પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ...

## સ્વ. જાદવજીભાઈ શામજીભાઈ ચૌહાણ

જન્મ તા. ૧૬/૦૮/૧૯૪૦ સ્વ. તા. ૨૬/૦૭/૨૦૨૩

દેશમાં ગામ : સિનુગ્રા (કચ્છ), હાલ મુકામ : નાંદેડ (મહારાષ્ટ્ર)

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. કાંતાબેન જાદવજીભાઈ ચૌહાણ | – ધર્મપત્ની |
| વિજયભાઈ જાદવજીભાઈ ચૌહાણ | – પુત્ર |
| છાયાબેન વિજયભાઈ ચૌહાણ | – પુત્રવધુ |
| જીતેન્દ્રભાઈ જાદવજીભાઈ ચૌહાણ | – પુત્ર |
| રાધિકાબેન જીતેન્દ્રભાઈ ચૌહાણ | – પુત્રવધુ |
| ભાવેશભાઈ વિજયભાઈ ચૌહાણ | – પૌત્ર |
| હેતલબેન હિમાંશુભાઈ ચૌહાણ | – પૌત્રી |
| હિમાંશુભાઈ રાજેન્દ્રભાઈ ચૌહાણ | – જમાઈ |
| સ્નેહલબેન વિજયભાઈ ચૌહાણ | – પૌત્રી |
| કિર્તીબેન જીતેન્દ્રભાઈ ચૌહાણ | – પૌત્રી |
| સ્મિતભાઈ જીતેન્દ્રભાઈ ચૌહાણ | – પૌત્ર |

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**

નિવાસ સ્થાન : "શ્રી રાજજી નિવાસ" વૃંદાવનનગર, જુના કોઠા, નાંદેડ (મહારાષ્ટ્ર) મો. ૯૪૨૧૮૬૯૨૫૮, ૮૦૮૭૫૬૨૫૬૩




સર્વે સમાજબંધુઓને વિશેષ જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની વિવિધ સમિતિઓ સંજીવની, અભિલાષા, મેરેજ બ્યુરો, વસ્તીપત્રક, સેતુ સમાજ સંદેશ, કુળદેવી અને સ્થાનકોની માહિતિ, ન્યાયપંચ વગેરેની ઓનલાઇન માહિતિ મેળવવા તેમજ સમિતિઓ દ્વારા થતાં કાર્યોની જાણકારી નીચે દર્શાવેલ વેબસાઇટ પરથી તેમજ એન્ડ્રોઇડ એપ **KGKONE** એપને ગુગલ પ્લેસ્ટોરમાંથી મોબાઇલમાં ઇન્સ્ટોલ કરી ઓનલાઇન તમામ માહિતિ મેળવી શકો છો. આ સેવાનો ઉપયોગ કરવા સર્વે સમાજબંધુઓને વિનમ્ર અનુરોધ છે.

https://kgksamaj.org/

https://play.google.com/store/apps/details?id=com.kgk.one




*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance – Personal & Caring – The Health Insurance Specialist

HDFC ERGO – Take it easy!

IFFCO-TOKIO GENERAL INSURANCE – Muskurate Raho

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khdiar@gmail.com

Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy

Jd Mitesh J. Khodiar Gandhidham

# શ્રી બ્રહ્માણી માતાજીના અનુયાયી ચૌહાણ પરિવાર – રેહાની રત્નાણી પાંખના રત્નાદાદા સ્થાનકનું વાસ્તુપૂજન



## ।। શ્રી નિમંત્રણ ।।

આથી ભારતભરમાં વસતા ચૌહાણ પરિવાર - રેહાની રત્નાણી પાંખના પરિવારોને સહર્ષ જણાવવાનું કે, આપણા 'રત્નાદાદા'ના નવા સ્થાનકમાં દાદાની પધરામણી અને વાસ્તુ પૂજન આસો સુદ–૭, વિ.સં. ૨૦૭૯ તા. ૨૧–૧૦–૨૦૨૩, શનિવારના રોજ નીચેની વિગતે રાખેલ છે. તેમાં ઉપસ્થિત રહીને પ્રસાદ ગ્રહણ કરવા નિમંત્રણ છે.

### :: કાર્યક્રમની રૂપરેખા ::

શ્રી ગણપતિ સ્થાપન અને પૂજન-અર્ચન
સવારે ૮.૧૫ કલાકે

વાસ્તુપૂજન - સ્થાપન અર્ચન હોમ હવન તથા દેવાલય શુદ્ધિ
સવારે ૯ થી ૧૧ સુધી

જલયાત્રા-જલપૂજન તથા દેવ દાદાનું આગમન
સવારે ૧૧.૧૫ કલાકે

નૈવેદ્ય-આરતી તથા દાતા સન્માન-મહાપ્રસાદ
બપોરે ૧૨.૧૫ કલાકે

**મુખ્ય અતિથિ**

સ્વ. ચત્રભુજભાઈ રાજાભાઈ ચૌહાણ પરિવાર
નાગપુર
સુપુત્રો સ્વ. રમેશભાઈ તથા શ્રી પ્રદિપભાઈ ચૌહાણ
(મુખ્ય દાતાશ્રી)

**વાસ્તુપૂજન યજમાનશ્રી**

સ્વ. જયંતિલાલભાઈ જેરામભાઈ ચૌહાણ (દેવગઃ બારિયા)ના સુપુત્રો
સુપુત્રો શ્રી અજયભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી રાકેશભાઈ તેમજ
સ્વ. મોહનભાઈ જેરામભાઈ ચૌહાણ (છોટા ઉદેપુર)ના
સુપુત્ર શ્રી તૃષારભાઈ ચૌહાણ (ભુમિદાન દાતાશ્રી)

### :: નિમંત્રક ::

પ્રકાશ પ્રાગજીભાઈ ચૌહાણ    જીતેશ દામજીભાઈ ચૌહાણ    ત્રિભુવન હીરજીભાઈ ચૌહાણ

તથા સ્થાનક નિર્માણ સમિતિના જય માતાજી... જય રત્નાદાદા....


Sagar V. Gohil
+91 84690 90473

Vasudevbhai G. Gohil
+91 99740 01516

SR

Shree Ram Bag

All Type of Non Woven Bag

Manufacturing All Types of Non-Wowen Bags & Supplies in Companies




Char Pipri Sheri, Nagalpar Moti, Anjar Kutch.

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

---

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

---

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com

## હાજાપર ઘટક



હાજાપર ઘટક દ્વારા તા.૦૧-૦૮-૨૦૨૩ના પવિત્ર પુરૂષોત્તમ માસ પૂર્ણિમાના શુભ અવસરે હાજાપર સમાજ ભવનની પાયાવિધીની શરૂઆત કરેલ. આ શુભ અવસરે હાજાપર સમાજ ભવનના આર્કીટેક તરીકે યુવા સમાજપ્રેમી શ્રી





અશ્વીનભાઇ મનહરભાઇ ચાવડાને જવાબદારી સોંપવામાં આવેલ છે. આપણા સમાજના રેહા નિવાસી સમાજપ્રેમી શ્રી હિતેશભાઇ હરીલાલ સોલંકીને સર્વસંમતી દ્વારા બાંધકામનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે હાજાપર સમાજ ભવનના મુખ્ય દાતાશ્રી વલમજીભાઇ વાઘેલા, ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવ, મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ પરમાર, પૂર્વ પ્રમુખ શ્રી અરવીંદભાઇ પરમાર, કિશોરભાઇ વરૂ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કોકીલાબેન પરમાર, મંત્રી પ્રતિમાબેન વરૂ, યુવા મંડળ પ્રમુખ દિપેશભાઇ પરમાર, સ્થાનીક રહેવાસીઓ હાજર રહ્યા હતા.

કચ્છ બહાર સુનિયોજીત કાર્યક્રમ દ્વારા હાજાપર સમાજ ભવન માટે સમાજ ભવનના દાતાશ્રઓને સંપર્ક સેતુના નેજા હેઠળ રૂબરૂ તેમના નિવાસ સ્થાને મળી સંપૂર્ણ યોજનાની જાણકારી જણાવી ફંડ સ્વીકારવામાં આવે છે. હાજાપર સમાજ ભવનની કમીટી દ્વારા આ વખતે હાજાપર ઘટક પ્રમુખશ્રી નવીનભાઇ યાદવ તથા તેમના સહયોગી દ્વારા ગાંધીનગર-અમદાવાદ, વડોદરા, હાલોલ મધ્યે રહેતા આપણા મૂળ હાજાપર વાસીઓને સંપર્ક સેતુના નેજા હેઠળ રૂબરૂ સંપર્કનો પ્રોગ્રામ કરેલ હતો. આ દસ દિવસના પ્રવાસમાં હાજાપર નિવાસીઓના સર્વે પરિવારજનો દ્વારા હાજાપર સમાજ ભવન માટે રૂા. ૧,૬૫,૦૦૦ જેવી માતબર રકમ આપી હતી. જેમાં શ્રી અર્જુનભાઇ પ્રેમજીભાઇ પરમાર - હાલોલ - ૬૧,૫૦૧, શ્રી જેઠાલાલભાઇ હીરજીભાઇ વરૂ - ગાંધીનગર - ૫૬,૨૦૧, શ્રી ગૌરીબેન બલરામભાઇ પરમાર - વડોદરા - ૧૭,૧૦૦, શ્રી દિનેશભાઇ ભાણજીભાઇ યાદવ - અમદાવાદ - ૧૧,૦૦૦, શ્રી દયારામમભાઇ વિરમભાઇ પરમાર - વડોદરા - ૬૨૦૦, શ્રી પ્રવિણભાઇ જયંતીલાલ યાદવ - ગાંધીનગર - ૫૫૦૧, શ્રી જીતેન્દ્રભાઇ જયંતીલાલ યાદવ - સિક્કા - ૫૫૦૧, શ્રી રણજીતભાઇ નાનાલાલભાઇ વરૂ - વડોદરા - ૨૦૦૦.

હાજાપર ઘટક દ્વારા હાલ ફંડ બે વિભાગમાં લેવામાં આવે છે. હાજાપર સમાજ ભવન ફંડ અને વિરાસત ફંડ. આ સમાજ ભવન એટલે આપણા પૂર્વજો, વડીલાનું આત્મસમ્માન, વર્તમાન સમયમાં હાજાપર ઘટકની જાગૃતતા અને ભવિષ્યમાં આનાર પેઢી માટે આપણે આપણા હાજાપર ગામને વિસર્યા નથી તેની સાબિતી રૂપે આ સમાજ ભવન બનશે અને ઉદાહરણરૂપે આ વર્ષો સુધી યાદ રહેશે. આ વિરાસત ફંડ દ્વારા હાજાપર ગામના પુલ નજીક શંકર મંદિર, હનુમાન મંદિર અને ૧૨૩ વર્ષ પ્રાચીન ઠાકર મંદિરનું ઘુમ્મટ લીકેજ રીપેર થશે. સાથે આપણા પૂર્વજો-વડીલો બનાવી ગયેલ વિરાસતો કુવા, તળા કન્યાશાળા અને હાજાપર ગામનો હૃદયરૂપી પુલ બજેટ પ્રમાણે હાલ રીપેરીંગ કરવામાં આવશે. આ ઐતિહાસીક પુલ સ્વ ખર્ચે હીરજી વિશ્રામ પરમારે બનાવી હાજાપર ગામને સમર્પિત કરેલ છે. જો આપણે ગંભીરરૂપે આ વિશે વિચાર નહીં કરીએ તો આવનાર પેઢી હાજાપર ગામ પ્રત્યે ભાવ ઉત્પન્ન નહીં થાય. આ સાત્વીક વિચારને હાજાપર ઘટકના કમીટીએ મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહ્યા છે, આ યોજનાને ચર્ચા વિચારણા કચ્છ અને કચ્છ બહાર પ્રવાસ દરમ્યાન ઘણો સહયોગ મળી રહ્યો છે. પરંતુ હજુ વિશેષ સહયોગની જરૂરીયાત છે.

# દુર્ગ ઘટક

શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ દુર્ગ ઘટક દ્વારા સમયાન્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રક્તદાન શિવિર :- દુર્ગ સમાજ ભવનમાં પ્રમુખ શ્રી તુષાર ભાઈ તુલસીરામભાઈ ચવ્હાણના કુશળ નેત્રિત્વમાં યુવા મંડળ અને યુવતી મંડળના સહયોગથી નવ દ્રષ્ટી ફૌનડેશન અને જિલા અસ્પતાલના સંયુક્ત પ્રયાસ થી રક્તદાન શિવિર દિનાંક ૧૬.૦૭.૨૦૨૩ ના દિવશે સંપન્ન થયું જેમાં ૬૫ યુનીટ રક્ત દાન દેવાં માં આવ્યું.

અધ્યાત્મિક પ્રશ્નોતરી સત્સંગ દિનાંક ૧૬.૦૭.૨૦૨૩ નાં સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ કલાકે એક વિશેષ સત્સંગ સભા દાદા ભગવાન ફૌંડેશન અહેમદાબાદથી પાધારેલ સિમંધર સ્વામીના પરમ શિષ્ય સંત રાજુભાઈએ વિશેષ સંદેશ દીધો હતો. ૧૦૮ હનુમાન ચાલીશા પાઠ દુર્ગ ઘટકની મહિલા મંડળ દ્વારા ૨૫.૦૭.૨૩ના સંધ્યા ૦૩.૩૦ થી ૦૬.૦૦ વાગ્યા સુધી




નિર્ધારિલ ફાર્મ ભરી જિલા અસ્પતાલ માં જમા કરવાં માં આવ્યું. એક્યું પ્રેશર સુજોક શિવિરઃ- દુર્ગ ઘટક ના જન કલ્યાણ સમિતિ ના પ્રયાશો થી દરમાસ એક અઠવાડિયા સુધી નિશુલ્ક એક્યું પ્રેશર સુજોક શિવિર નું શુભારંભ કરવાં માં આવ્યો છે. ૧૦ જુલાઈ થી ૧૪ જુલાઈ ૨૩ સુધી આ શિવિર સંપન્ન થયો . આ સેવા સમાજ ના અલકાબેન જયેશ ભાઈ વાઘેલા નિશુલ્ક આપે છે. શ્રી કચ્છ ગુર્જર છત્રિય સમાજ, દુર્ગ ઘટક દ્વારા આયોજિત , ૧૫ અગસ્તનું ૭૭વું સ્વતંત્રતા દિવસ હર્ષ અને ઉલ્હાસથી મનાવામાં આવ્યું. મુખ્ય અતિથી પૂર્વ પ્રમુખ શ્રી નારાયણભાઈ પુંજાભાઈ રાઠોડ, પ્રમુખ શ્રી તુષારભાઈ તુલસીરામભાઈ






૧૦૮ હનુમાન ચાલીશા પાઠ કરવામાં આવ્યું ત્યાર બાદ ભજન આરતી અને પ્રસાદ વિતરણ થયું. સમાજના ૬૦ મહિલાઓએ કાર્યક્રમમાં હર્ષ ઉલ્હાસથી ભાગ લીધું. સામુહિક એકાદશી ઉધ્યાપનમાં દુર્ગ ઘટક મહિલા મંડળ દ્વારા દિનાંક ૨૯.૦૭.૨૦૨૩ ના દિવસે સામુહિક રીતે અધિક માસ પ્રસંગે એકાદશી ઉધ્યાપનનો કાર્યક્રમ સમ્પન્ન થયો. એમાં ૨૧ બહેનો મળી ને મંડળ ભર્યા હતા. ૩૦.૦૭.૨૦૨૩ ના હવન અને પુર્ણાહુતીના કાર્યક્રમ પછી બ્રાહ્મણ ભોજન બાદ ઘટકના બધા પદાધિકારી ,યુવા મંડળ, યુવતી મંડળ,મહિલા મંડળ, જન કલ્યાણ સમિતિ ના સદસ્યોએ અને સમાજના લગભગ ૨૦૦ સદસ્યોને પ્રસાદીનો લાભ લીધો. શિષ્યવૃત્તિ (આર્થિક સહાય) : દુર્ગ ઘટકની જન કલ્યાણ સમિતિ દ્વારા દર વર્ષે પ્રમાણે સહાયતા પ્રાપ્ત છાત્રોને વર્ગ ૧ થી વર્ગ ૧૨ વી સુધીનાં ૧૪ છાત્રોને શિષ્યવૃત્તિ નગદ અને નોટ બૂક આપવામાં આવી. દેહદાન : સમાજના સેવાભાવી અને ઉત્સાહી યુવાકાર્યકર્તા શ્રી નિલેશ ભાઈ વાઢેર દ્વારા દેહદાનની ઘોષણાકરવા માં આવી અને તેઓને


ચૌહાણ, ઘટકના પદાધિકારી, કાર્યકારીણીના બધાય સદસ્યો, મહિલા મંડળ, યુવા મંડળ અને ઉત્સાહી સમાજ ભાઈઓ અને બેહનોની ઉપસ્તિથીમાં ઉજવવામાં આવ્યું. મુખ્ય અતિથી દ્વારા ધ્વજારોહણ બાદ યુવા મંડળ દ્વારા આયોજિત વિશાલ બાઈક રૈલી સમાજ ભવન થી પીસેગાવ સ્થિત સમાજને દાન સ્વરૂપ મળનાર ભૂમિ તક ગઈ. ભૂમિ દાનદાતા શ્રી દિલખુશભાઈ વરજાંગભાઈ પરમારનું શ્રી હેમંતભાઈ રમણીકભાઈ ટાંક દ્વારા પાઘડી પહેરાવીને સન્માન કરવાં માં આવ્યું . કાર્યક્રમ નું સમાપન વાડી માં સ્વલપાહાર નાં સાથે થયું હતું.

કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દુર્ગ ઘટકના સદસ્યોને અંગુલ (ઓડીશા) ઘટક નિવાસી નાની બાળ ગણીશ્કા તાપસભાઇ રાઠોડ, જી બ્લાસ્ટામા (કેન્સર) જેવી બીમારીથી પીડીત છે, તેના ઇલાજ માટે સ્વૈચ્છીક સહયોગ આપીને રૂા. ૨,૨૮,૮૦૩ શ્રી ભારતભાઇ લાલજીભાઇ પરમારના પ્રયાસથી એકત્રીત કરી માનવતાનું ઉદાહરણ આપ્યું છે. ઉપરોક્ત રાશી તા. ૧૪-૦૮-૨૦૨૩ના મહાસભાના ખાતે મોકલવામાં આવી હતી.

# કેંજોરગઢ ઘટક

કેંજોરગઢ ઘટકમાં પરસોત્તમ મહિનાના પાવન અવસર પર ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધા કાર્યક્રમોમાં વડીલો, ભાઇઓ-બહેનો તથા નાના-મોટા બાળકોએ ખુબ





હોંશેથી ભાગ લઇ તેને સફળ બનાવ્યો હતો. તા. ૨૩-૦૭-૨૦૨૩ના ઉડીશાની ગંગા કહેવાની બૈતરણી નદીમાં બહેનો માટે સ્નાન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦.૦૦ વાગ્યે બસ દ્વારા સૌ નિકળી ૧૧ વાગ્યે રાજનગર સ્થિત બૈતરણી નદી કિનારે પહોંચ્યા હતા. ત્યાં પહોંચી સૌ બહેનોએ નદીમાં સ્નાન કરી ગોરમાની પૂજા કરી હતી. પૂજા કર્યા બાદ બધા મળીને ત્યાં ભોજન કર્યું હતું. ભોજન કરી ત્યાંથી ૩.૦૦ વાગ્યે નિકળી ૪.૦૦ વાગ્યે પાછા કેંજોર પહોંચ્યા હતા.

તા. ૨૫-૦૭-૨૦૨૩ મંગળવારે સમાજવાડીમાં ૧૦૮ હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો. સાંજે૪.૦૦ વાગ્યે સૌ ભાઇઓ તથા બહેનોએ ૧૦૮ હનુમાન ચાલિસાનો પાઠ કર્યો હતો. ત્યાર બાદ આરતી કરવામાં આવી હતી. તા. ૩૧-૦૭-૨૦૨૩ના સમાજવાડીમાં શ્રી સત્યનારાણ દેવની કથા વાંચવામાં આવી હતી. સાંજે ૪.૦૦ વાગ્યાથી કથા વાંચવામાં આવી હતી તથા સાંજે ૬.૦૦ વાગ્યે આરતી કરવામાં આવી હતી. તા. ૧-૮-૨૩, મંગળવારે સમાજવાડીમાં મંડળ ભરવામાં આવ્યું હતું. આ મંડળ સાત ધાનથી ભરવામાં આવ્યું હતું. બધી બહેનો પોત-પોતાના ઘરેથી આ સાત ધાન લઇ આવ્યા હતા. સવારે ૧૦.૦૦ વાગ્યે મંડળ ભરવાનું શરૂ થયું હતું. પૂજા સાંજે ૩.૩૦ વાગ્યાથી શરૂ થઇ હતી. આરતી સાંજે ૬.૦૦ વાગ્યે કરવામાં આવી હતી. બીજે દિવસે સવારે ૧૦ વાગ્યે મંડળનું ઉત્થાપન કરવામાં આવ્યું હતું. બધી બહેનોએ ખુબજ સુંદર મંડળ સજાવેલ હતું.

તા. ૫-૮-૨૩ના સમાજવાડીમાં સુંદરકાંડનો પાઠ કરવામાં આવ્યો હતો. સાંજે ૪ વાગ્યાથી બધી બહેનો મળીને સુંદરકાંડનો પાઠ કર્યો હતો. તા. ૧૨-૦૮-૨૦૨૩ અગીયારસના દિવસે સમાજવાડીમાં દિપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪.૦૦ વાગ્યાથી બહેનો તથા યુવકો મળીને દીવા પ્રગટાવી તેને સજાવ્યા હતા. ત્યાર બાદ પુજા-પાઠ કરવામાં આવ્યું હતું. અંતમાં આરતી કરી, પ્રસાદી લઇ સૌ પોત-પોતાના ઘેર ગયા હતા. આવી રીતે કેંજોરગઢના વડીલો, ભાઇઓ-બહેનો તથા નાના-મોટા બાળકો મળીને પરસોત્તમ મહિના દરમિયાન ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી, તેમાં પોત-પોતાનો પૂરો સહયોગ આપી આ કાર્યક્રમોને સફળ બનાવ્યા હતા.

# ગોંદિયા ઘટક

તા. ૧૪ જુલાઇ ૨૦૨૩ના દિવસે ગોંદીયા ઘટક દ્વારા આધારકાર્ડ અપડેટની શિબિરનું આયોજન સમાજ ભવનમાં રાખવામાં આવેલ હતું. અપડેટ માટે સદસ્યોની સંખ્યા વધવાને કારણે શિબિરને એક દિવસ વધારીને ૧૫ તારીખના પણ શિબિર લેવામાં આવી હતી. બન્ને દિવસ કુલ ૬૬ સદસ્યોએ શિબિરનો લાભ લઇ પોતાના આધાર કાર્ડ અપડેટ કરાવ્યા હતા. શિબિર માટે ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભા રથીન્દ્રભાઇ રાઠોડ તથા તેમના સાથે ઘટકના અન્ય પદાધિકારી ભાઇઓએ અથક પ્રયાસ



કરેલ હતો. આ દિવસે ગોંદિયા મહિલા મંડળ દ્વારા મંડળ પૂજન કરવામાં આવેલ હતું.

ગોંદિયા ઘટક દ્વારા દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ ૧૫



ઓગષ્ટ ૨૦૨૩ (મંગળવાર) સમાજ ભવનમાં ઉજવવામાં આવ્યો. ધ્વજવંદન સમાજના વરીષ્ઠ માતૃશ્રી ગં.સ્વ. આદરણીય ઇન્દુબેન શામજીભાઇ રાઠોડના શુભ હસ્તે કરવામાં આવ્યું. ધ્વજવંદન બાદ સહુ સમાજબાંધવોએ ઉભા રહી રાષ્ટ્ર ગીત ગાઇને ધ્વજને સલામી આપી ભારત માતાની જયની સાથે સમાજના વરીષ્ઠ સદસ્ય શ્રી હિમતભાઇ ભવાનજીભાઇ દ્વારા વંદે માતરમ ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આની સાથે સ્વતંત્રતા દિવસનો સંપૂર્ણ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડ્યું હતું. આ શુભ અવસર ઘટકના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રથીન્દ્રભાઇ રાઠોડ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઇ વેગડ તથા યુવા મંડળ પ્રમુખ શ્રી રવિભાઇ જે. પરમારની સાથે સમાજના ભાઇઓ તથા બહેનો અને બાળકો હાજર હતા. અંતમાં સહુ સદસ્યોએ અલ્પાહાર લઇ સમાજભવનથી વિદાય લીધી હતી.

ગોંદિયા ઘટકના સભ્યો જેઓ ૬૦ વર્ષ વટાવીને સિનીયર સિટીઝન અથવા વરીષ્ઠ નાગરીક તરીકે માન મેળવે છે એવા ભાઇઓનું મંડળ એટલે જી.કે. વરીષ્ઠ નાગરીક મંડળ, ગોંદિયા. સમાજમાં નિવૃત્તી પામેલા ભાઇઓ દ્વારા સ્થાપિત આ એક મંડળ છે. આ મંડળની રચના કરવાનો વિચાર શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સિનિયર સીટીઝન ક્લબ - ગાંધીધામ તથા તેમના દ્વારા કરવામાં આવતા કાર્યોની પ્રેરણા લઇને થઇ છે.

વરીષ્ઠ સદસ્યોની એક બેઠક સમાજ ભવનમાં આયોજીત કરવામાં આવી હતી. જેમાં ડૉ. લીલાધરભાઇ દેવજીભાઇ રાઠોડ દ્વારા આવું એક મંડળ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો. જેને ઉપસ્થિત સર્વે વડીલોએ સહર્ષ વધાવી લીધો. તા. ૧ જાન્યુઆરી-૨૦૨૨થી વિધિવત રૂપે મંડળ સ્થાપિત કરી નામ આપવામાં આવ્યું તથા તેની અંદર કોઇપણ પદાધિકારી કે જીમ્મેદાબીર કોઇને પણ આપવામાં આવી નથી. સર્વે સદસ્યોએ સ્વયં સહભાગી થઇ પોતાની મેળે મંડળના દરેક કાર્યોમાં સાથ-સહકાર આપી કાર્ય કરતા રહેવાનું છે. દર રવિવારના સાંજે સમાજ ભવનમાં ભેગા થઇ ચર્ચા-વિચારણા કરવામાં આવે છે તથા આગળ કઇ ગતિવિધિઓ કરવી તેના પર નિર્ણયો લેવામાં આવે છે.

વિશિષ્ટ કાર્યોમાં મંડળના સભ્યોના જન્મ દિવસ બાદ આવતા પ્રથમ રવિવારના તેમનું શાલ-શ્રીફળ આપી સન્માન કરવામાં આવે છે તથા દરેક સભ્યો વતી અલ્પાહાર અથવા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. રવિવારના દિવસે આજુબાજુના પર્યટન સ્થળે પિકનીકનું આયોજન કરવામાં આવે છે. જેમાં હાજર સભ્યો દ્વારા પોતાના હાથે નાસ્તો, ભોજન તથા સાંજના અલ્પાહારની વ્યવસ્થા સહુ મળીને કરે છે. જેની શરૂઆત સૌથી વડીલ સદસ્ય શ્રી હિમ્મતભાઇ ભવાનજીભાઇ રાઠોડના ૯૧મા જન્મદિવસે હર્ષોલ્લાસથી ઉજવણીથી થઇ હતી. ત્યાર બાદ અમારા માર્ગદર્શક શ્રી ચુનીલાલભાઇ ચૌહાણનો જન્મ દિવસ જાન્યુઆરીમાં મનાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ વર્ષ દરમ્યાન દરેક સભ્યોના જન્મદિવસ સન્માન તથા ભોજન સમારોહ સાથે ખુશી ખુશી સંપન્ન કરવામાં આવે છે.

મંડળ દ્વારા શ્રી હનુમાન ચાલિસાનો પાઠ આયોજીત કરવામાં આવ્યો હતો. જેને ગોંદિયાના ગાયક શ્રી મિતેશભાઇ કરસનભાઇ પરમાર તથા સાથીઓ દ્વારા ભજનો તથા ચાલિસાના પાઠને પોતાની મધુર વાણીમાં પ્રસ્તુત કરી ભવ્ય બનાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ગોંદિયા સમાજના સર્વે ભાઇ-બહેનો તથા આમંત્રિત સભ્યો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેવીજ રીતે ગોંદિનાના નજીકમાં સ્થિત ખરોબા પહાડી દેવસ્થાનમાં ભ્રમણનો કાર્યક્રમ સફળતારૂપે આયોજીત કરવામાં આવ્યો હતો. ત્યાં પણ શ્રી મિતેશભાઇ દ્વારા લોકગીત તથા ભજનોની પ્રસ્તુતી કરી ભોજનનો સ્વાદ માણ્યો હતો. બાલાઘાટ પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમારના સ્નેહીલ આમંત્રણ પર બાલાઘાટની પાસે આવેલ ગાંગુલપારા ડેમ પર પર્યટન આયોજીત કરવામાં આવેલ. ત્યાં શ્રી લલીતભાઇ રાઠોડના ફાર્મ હાઉસ ઉપર ભોજનની વ્યવસ કરવામાં આવેલ તેમાં મંડળના સભ્યો તથા બાલાઘાટ સમાજના સભ્યો દ્વારા આનંદ માણવામાં આવેલ. મંડળના ત્રણ સભ્યોના જન્મ દિવસ નિમિત્તે પાંગડી પર્યટન સ્થળ પર ભ્રમણ આયોજીત કરવામાં આવેલ. જેમાં ઘટકના આમંત્રીત સદસ્યોની વિશેષ ઉપસ્થિતિમાં સ્વાગત-સન્માન કરી ભોજન બાદ વિદાય લીધી હતી. મંડળના કાર્યક્ર માટે ઘટક મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ જયંતીલાલ પરમાર પોતાના ફાર્મ હાઉસમાં હંમેશા ક્યારે પણ પર્યટન માટે નિઃશુલ્ક આપે છે તથા ભોજન વગેરેની વ્યવસ્થામાં મદદરૂપ થાય છે. તે માટે મંડળ તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. મંડળના કાર્યક્રમોની સભ્યોને જાણ કરવી, વોટ્સએપ પર પ્રસારીત કરવી, વાહન વ્યવસ્થા, દેખરેખ, રાશન-પાણીની વ્યવસ્થા ઇત્યાદી જવાબદારીઓ મુખ્યરૂપે મંડળના સદસ્ય શ્રી સુરેન્દ્રભાઇ સોલંકી, શ્રી ચંદ્રકાન્તભાઇ પરમાર, શ્રી મિતેશભાઇ પરમાર તથા શ્રી અમૃતલાલભાઇ વેગડ તથા અન્ય સભ્યો સુચારૂપણે પાર પાડે છે.

# આદિપુર ઘટક

તા. ૧૬-૭-૨૦૨૩, રવિવારના રોજે સાંજે પાંચ વાગે આદિપુર ઘટક કારોબારીની મીટીંગ સમાજ ઉપયોગી કાર્યોની ચર્ચા-વિચારણા કરવા ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકીની અધ્યક્ષતામાં આદિપુર ઘટક, સમાજ ભવનના હોલમાં





મળી હતી. નીચે મુજબના હોદ્દેદારો, કમીટી મેમ્બર્સ તથા સલાહકાર સભ્યો હાજર રહેલ. ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી, ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ ડી. ચૌહાણ, મહામંત્રી શ્રી જેભાઇ વી. રાઠોડ, કારોબારી સભ્ય શ્રી લલીતભાઇ આર. ટાંક, વડીલ સલાહકાર તથા ઘટક વ્યવસ્થાપક શ્રી અરવિંદભાઇ એ. પરમાર, સલાહકાર સભ્યો શ્રી અમૃતલાલભાઇ ડી. ટાંક, નિખિલ ભરતભાઇ ટાંક, શ્રી કનૈયાલાલ જે. રાઠોડ, સતિષભાઇ કે. ટાંક, શ્રી પ્રવિણભાઇ એન. પરમાર તથા શ્રી દિલીપભાઇ એન. પરમાર અને શ્રી વલ્લભજીભાઇ પી. વાઘેલા હાજર રહ્યા હતા અને સમાજ ઉપયોગી કાર્યો અને સમાજ ભવન, નવિનીકરણ અંગે દરેક જણે સલાહ-સુચનો આપેલ. મીટીંગની શરૂઆત પહેલા આદિપુર ઘટક કારોબારી સભ્યો દ્વારા સમાજ ભવનની સામે બહાર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી તથા શ્રી મનોજભાઇ પી. સોલંકી તરફથી કચ્છના દરેક ઘટકના નિરાધાર, વિધવા બહેનોને આર્થિક સહાય દર મહિને આપવામાં આવે છે. આદિપુર ઘટકની પાંચ બહેનોને ઉપરોક્ત સહાય દર મહિને મળે છે. તા. ૧૯-૦૭-૨૦૨૩, બુધવારના રોજ મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) આદિપુર ઘટક સમાજ ભવન પધારેલ તેમને પુરૂષોત્તમ માસ નિમિત્તે આદિપુર ઘટકની ઉપરોક્ત પાંચ બહેનોને દરેકને રૂા. ૧૦૦૦/- સહાયના કવર આદિપુર ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીને સુપરત કરેલ હતા. તેમની સાથે અંજાર ઘટકના પૂર્વ પ્રમુખ શ્રી બલરામભાઇ જેઠવા, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર તથા શ્રી ભાવેશભાઇ કાંતિલાલ જેઠવા પધારેલ હતા. આ અવસરે ઘટક પ્રમુખશ્રી સાથે ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઇ ચૌહાણ, વ્યવસ્થાપક શ્રી અરવિંદભાઇ પરમાર હાજર રહેલ. ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ શ્રી કાંતિલાલભાઇ જેઠવાનો આભાર માનેલ. એ ઉપરાંત શ્રી કે.જી.કે. સમાજ આવાસ આયોજન યોજના-૧ 'સદ્ભાવના નગર-૧' અંગેની વિસ્તૃત માહિતિ-માર્ગદર્શન આપવા સ્નેહમિલન-૧માં તા. ૨૩-૦૭-૨૩, રવિવારના મુન્દ્રા પધારવા શ્રી વિનોદભાઇ ખોડિયારે આમંત્રણ પત્રિકા આપેલ.

તા. ૨૨-૭-૨૩, શનિવારના સાંજે ૫.૦૦ વાગે પતંજલિ યોગ સમિતિ કચ્છ અને બી.એસ.એફ. ગાંધીધામના સહયોગથી કે.ડી. તોરાણી યોગ કેન્દ્ર, આદિપુર મધ્યે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પતંજલિ યોગ સમિતિના સભ્ય આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી તથા આપણા સમાજના સભ્ય યોગ ટીચર શ્રી ગિરધરભાઇલાલજીભાઇ ટાંક દ્વારા પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

તા. ૩૧-૭-૨૩, સોમવારના બપોર બાદ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી માધાપર તેમની ટીમ સાથે આદીપુર ઘટકની મુલાકાતે પધારેલ. દર મહિને તેમના તરફથી આર્થિક સહાય મેળવનાર ઘટકની પાંચ બહેનો/પરિવારજનોને આર્થિક સહાયના કવન અર્પણ કરેલ તેમજ પુરૂષોત્તમ માસ નિમિત્તે દરેકને સાલ ઓઢાળી મીઠાઇનું પેકેટ આપી આશીર્વાદ મેળવેલ. સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી સાથે માધાપર ઘટકના મંત્રી શ્રી દિલીપભાઇ ચૌહાણ, તથા મહાસભાના વિશેષ આમંત્રીત શ્રી અનિલભાઇ ખોડિયાર અને શ્રી ભરતભાઇ કાંતિલાલ વેગડ સાથે રહેલ. આ અવસરે ઘટક પ્રમુખશ્રી સાથે ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઇ ચૌહાણ, વ્યવસ્થાપક શ્રી અરવિંદભાઇ પરમાર હાજર રહેલ. ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી તથા તેમની ટીમનો આભાર માનેલ.

આદિપુર ઘટકના શ્રી અનમ દિપેશભાઇ પરમારે મણીપુર સ્પોર્ટસ કોમ્પલેક્ષ બોપલ-અમદાવાદમાં યોજાયેલ ૬ઠ્ઠી ઓપન

નેશનલ ગેમ્સ-૨૦૨૩માં પાંચ કી.મી. દોડમાં ભાગ લઇને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. તા. ૦૪-૦૮-૨૩નો દિવસ પતંજલિ યોગપીઠ દ્વારા જડીબુટ્ટી દિવસ તરીકે ઉજવવામ) આવે છે. આ દિવસે પતંજલિ ચિકિત્સાલય આદીપુર દ્વારા સવારે વિનામુલ્યે ઓષધીય રોપાઓનું વિતરણ કરવામાં આવેલ. જેમાં ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ તથા અમૃલાલભાઇ તથા યોગ શિક્ષક શ્રી ગિરધરભાઇએ સાથ-સહકાર આપેલ. આદીપુર ઘટક સમાજ ભવનના નવીનીકરણના ભાગરૂપે સમાજ ભવનની બાઉન્ડ્રી વોલની અંદરની સાઇડ દિવાલ પર ટાઇલ્સ લગાવવાનું કામ ચાલુ છે.

## માધાપર ઘટક






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા સર્વ જ્ઞાતિ માટે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન માધાપરમાં ૨૦૧૨થી નિઃશુલ્ક યોગ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. શરૂઆતમાં શ્રી જયેશભાઇ રાઠોડ અને જયદીપભાઇ સોલંકી યોગ ટ્રેનર તરીકે સેવા આપતા હતા. ત્યાર બાદ આજ સુધી નિયમીત સવારે ૬ થી ૭ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રશિક્ષક શ્રી નરેન્દ્રભાઇ વાઘેલા યોગ ટ્રેનર તરીકે નિઃશુલ્ક સેવા આપી રહ્યા છે. આ વર્ષે શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપર દ્વારા શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી સમાજ ભવનમાં નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ૨૧ જુન-૨૦૨૩ના ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઘણા લોકોએ ભાગ લીધો હતો. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ સમાજના વધુમાં વધુ લોકો નિઃશુલ્ક યોગ કેન્દ્રમાં જોડાઇ રોગ સામે રક્ષણ મેળવે તે માટે અપીલ કરી શુભેચ્છા પાઠવેલ હતી. ઉપસ્થિત સૌનો યોગ ટ્રેનર શ્રી નરેન્દ્રભાઇ વાઘેલાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## કટક ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કટક ઘટક ઓડિશા દ્વારા સ્વતંત્રતા દિવસના અવસર પર તા. ૧૫-૦૮-૨૦૨૩ના દિવસે સવારે ૧૦ વાગ્યે ધ્વજારોહણ કાર્યક્રમ વડીલ શ્રી કિશોરભાઇ ચાવડાના પ્રાંગણમાં ઉજવવામાં આવેલ હતો. ધ્વજવંદન સવારે ૧૦ વાગ્યે કરવામાં આવેલ હતો. શ્રી હંસરાજભાઇ રાઠોડ તથા શ્રીમતી સકુંતલાબેન રાઠોડના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યો દ્વારા રાષ્ટ્રીય ગીત ગાવામાં આવ્યું હતું. પછી નાના-નાના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવેલ હતો. જેમાં હિતેશ્રી હિતેશભાઇ ચાવડા તથા જીવિકા ભાવિકભાઇ રાઠોડએ ભાગ લીધો હતો. ત્યાર બાદ બધાએ ગરબા-રાસ કરેલ.

આ કાર્યક્રમમાં કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ દેવજીભાઇ ટાંક, ઘટક ખજાનચી શ્રી ભાવેશભાઇ અરૂણભાઇ રાઠોડ, કટક




મહિલા મંડળ પ્રમખ શ્રીમતી ઇલાબેન ત્રિકમજીભાઇ ટાંક, મંત્રી પૂર્વીબેન દીપકભાઇ રાઠોડ, યુવા મંડળ પ્રમુખ તથા પૂર્વ ઓડિસા સમિતિના પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલ ટાંક, કટક યુવા મંડળ મંત્રી શ્રી સિદ્ધાર્થભાઇ યોગેશભાઇ રાઠોડ અને ઘટક ઘટક યુવા મંડળ ખજાનચી શ્રી જયમિતભાઇ રાજેન્દ્રભાઇ ટાંક ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ ઘટક



આજરોજ તા. ૪-૬-૨૩, રવિવારના અમદાવાદ ઘટક તરફથી સમુહ શ્રદ્ધાંજલી તથા વિદ્યાર્થીઓને નોટબુક વિતરણનો કાર્યક્રમ રાખેલ. આ કાર્યક્રમમાં લગભગ ૩૦૦ સમાજબંધુઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરેલ. મૌન પાળેલ તથા મહેન્દ્રભાઇ રાઠોડના મુખે ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખેલ હતો. નોટબુક વિતરણ કર્યા બાદ સૌ સમાજબંધુઓએ સમુહ ભોજનનો લાભ લઇ સૌ છુટા પડેલ.

## જબલપુર ઘટક



સ્વતંત્રતા દિવસના ઉપલક્ષમાં દિ. ૧૫ ઓગષ્ટના રોજ જબલપુર સમાજ પ્રાંગણમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ઘટક પ્રમુખશ્રી કિરીટભાઇ ખીમજીભાઇ રાઠોડના અધ્યક્ષ સ્થાનેથી તથા તેમના શુભ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ ત્રણે પાંખોના પદાધિકારીગણ તથા સમાજના સમ્માનિત સભ્યોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રગાનના ગાયન સાથે સર્વે રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી. દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત સર્વે સભ્યોનો ઉત્સાહ દર્શનીય હતો. સાથે જ જબલપુર સમાજના ગૌરવ તથા વોર્ડ પાર્ષદ શ્રીમતી ડીમ્પલબેન નિતેશભાઇ ટાંકની ઉપસ્થિતિથી કાર્યક્રમની ગરીમામાં વધારો થયો. ધ્વજારોહણ પછી સર્વે સભ્યો સ્વલ્પાહાર ગ્રહણ કરી અને કાર્યક્રમનું સમાપન કરેલ હતું.

## ઓખા ઘટક



પરસોત્તમ માસમાં શ્રી દ્વારકાધીશ મંદિરે ઓખામાં નૂતન ધ્વજા આરોહણ તા. ૦૬-૦૮-૨૦૨૩ના રવિવારે શ્રાવણ કૃષ્ણ પક્ષ પંચમ (અધિકમાસ)ના વાજતે ગાજતે શોભાયાત્રા દ્વારા ઓખા મહિલા મંડળ દ્વારા ઘટક તથા યુવા મંડળના સહયોગથી આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી કચ્છ



ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન (ઓખા મંડળ) ટ્રસ્ટ પ્રમુખ, મીઠાપુર ઘટક પ્રમુખ મંત્રી મહિલા મંડળ પ્રમુખ મંત્રી ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરેલ. અંતે સર્વે સાથે મળી પ્રીતિ ભોજન લીધું હતું.


સૌ
જ
ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

# નારી દર્પણ

संस्कार सेवा समानता

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી**
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



**શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા નૃત્ય વંદના કાર્યક્રમ યોજાયો

અ.ભા. મહિલા મહામંડળ સાંસ્કૃતિક સમિતિ દ્વારા નૃત્યવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આપણી સંસ્કૃતિની પૌરાણિક થીમ ઉપર આધારીત નૃત્યનો




વિડીયો તૈયાર કરી મોકલવાનો હતો. આ સ્પર્ધા માત્ર યુગલ સ્પર્ધકો માટે રાખવામાં આવેલ હતી. જેમાં આપણા ગ્રંથોના




મહાન અને સદા અમર પાત્રોની જોડીઓ બનાવી ભારતભરના વિવિધ મહિલા મંડળોના બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ સાંસ્કૃતિક સમિતિના આ આયોજનની પ્રશંસા કરી તમામ સ્પર્ધકો અને વિજેતાઓને અભિનંદન આપેલ હતા. આ નૃત્ય મહોત્સવ-૨૦૨૩ના પ્રાયોજક તરીકે શ્રીમતી કંચનબેન અનિલભાઇ ખોડિયાર - અંજાર, શ્રીમતી રસીલાબેન સુરેશભાઇ પરમાર - ભુજ તથા શ્રીમતી મંજુલાબેન હરીલાલભાઇ ગોહિલ - માધાપરએ પોતાની સેવા આપેલ હતી.

નૃત્યં વંદના સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ખ્યાતનામ નૃત્ય વિશારદ કિંજારીબેન ચંદે અને બાગેશ્રીબેન ચંદેએ પોતાની સેવા આપેલ હતી. સ્પર્ધામાં નિમ્નદર્શિત સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

માઇનોર : મહેક ટાંક તથા તનિષા ખોડિયાર (દુર્ગ ઘટક) - પ્રથમ

જુનિયર : દુર્વા રાઠોડ તથા રીયા રાઠોડ (માધાપર ઘટક) - પ્રથમ, રીધમ વરૂ તથા સરગવી ગોહિલ (માધાપર ઘટક) - દ્વિતીય, આધ્યા પરમાર તથા હીર જેઠવા (જબલપુર ઘટક) - તૃતિય.

સિનિયર : દિયા ચૌહાણ તથા રિદ્ધી ચાવડા (માધાપર ઘટક) - પ્રથમ, અદિતી ટાંક તથા દષ્ટિ ટાંક (દુર્ગ ઘટક) - દ્વિતીય.

ઓપન : અવની ખોડિયાર તથા હર્ષિદા ખોડિયાર (કોલકત્તા ઘટક) - પ્રથમ, ફોરમ તથા રેણુકા પરમાર (જામગનર ઘટક) - દ્વિતીય, લવલી ચૌહાણ તથા પ્રિયંકા રાઠોડ (અમદાવાદ ઘટક) - તૃતિય, રીના વરૂ તથા જયતિક વરૂ (વિશાખાપટ્ટનમ ઘટક) - ચતુર્થ, વૈશ્રી ચાવડા તથા કાજલ ચાવડા (ગાંધીધામ ઘટક) - ચતુર્થ.

સાંસ્કૃતિક સમિતિના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પરમાર, મંત્રી શ્રીમતી વૈશાલીબેન સોલંકી તથા શ્રીમતી પારૂલબેન પરમારે નૃત્ય વંદના-૨૦૨૩ આયોજનની વ્યવસ્થા સંભાળી હતી અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે માર્ગદર્શન આપેલ હતું તથા કાર્યક્રમના પ્રાયોજક દાતાશ્રીઓ અને સ્પર્ધકોનો આભાર માનેલ હતો.

શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી
શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોગા વીથ પ્રોપ સ્પર્ધાનું આયોજન કર્યું

અ.ભા. મહિલા મહામંડળ અંતર્ગતની યોગા સમિતિ દ્વારા તા. ૨૧ જુ યોગ દિવસના અનુસંધાને બહેનો માટે ''યોગા વીથ પ્રોપ'' સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં જ્યારે યોગના પ્રયોગનું મહત્વ વધ્યું છે ત્યારે આપણા સમાજમાં પણ યોગનું મહત્વ વધે અને સૌ સુખી તથા નિરોગી બને તેવા શુભ આશયથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોવાનું અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ સૌને યોગ દિવસની શુભેચ્છા આપતાં જણાવ્યું હતું.







વય મુજબ ચાર જુથોમાં આયોજીત આ સ્પર્ધામાં ભારતભરના વિવિધ ઘટકોથી સારી એવી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. સ્પર્ધા માટે બે મિનિટનો વિડીયો બનાવીને મોકલવાનો હતો. સ્પર્ધાના પ્રાયોજક તરીકે શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર (અમદાવાદ), શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ ટાંક (મોરબી) તથા શ્રીમતી રસીલાબેન તથા શ્રી નાનાલાલભાઇ હીરજીભાઇ સોલંકી (અંજાર) એ પોતાનો સહયોગ આપેલ હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી પલ્લવીબેન રાજેશભાઇ વરૂએ પોતાની સેવા આપેલ હતી.

આ સ્પર્ધામાં ભાગ લીધેલ સ્પર્ધકો પૈકી નીચેના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

ગ્રુપ-૧ (૧૧ થી ૨૦ વર્ષ) : (૧) ક્રિશ્ના ડી. રાઠોડ - ખંભરા (૨) દિત્યા ચાવડા - રાંચી (૩) હેત એસ. પરમાર - સુરેન્દ્રનગર, આશ્વાસન : નૈસર્ગી પી. વાઢેર - અમદાવાદ તથા આસ્થા એન. ટાંક - કુકમા.

ગ્રુપ-૨ (૨૧ થી ૪૦ વર્ષ) : (૧) પિનલ વી. રાઠોડ - ખંભરા (૨) કાવ્યા ચૌહાણ - કલ્યાણ (૩) મહિમા જેઠવા - રાયપુર, આશ્વાસન : નિધી ટાંક - હૈદ્રાબાદ, પ્રિયા રાઠોડ - સુરેન્દ્રનગર, વિશેષ પ્રાઇઝ - જાનકી આર. ચૌહાણ - ગાંધીધામ

ગ્રુપ - ૩ (૪૧ થી ૬૦ વર્ષ) : (૧) ભારતી એચ. ચાવડા - ગુલબર્ગા (૨) પૂર્ણિમા રાઠોડ - હૈદ્રાબાદ (૩) પુનિતા કે. ખોડિયાર - ઝારસુગડા, આશ્વાસન : દિપા ચૌહાણ - કુકમા, પ્રિતી ચૌહાણ - ઉદયપુર, ચંદન રાઠોડ - ખારીયાર રોડ, બિના ચોહાણ - વડોદરા, સુચિતા ચૌહાણ - ઉદયપુર, રેણુકા ડી. પરમાર - જામનગર, પલ્લવી ચાવડા - ઉજ્જૈન, મમતા ચાવડા - ઉજ્જૈન, દિપાલી સોલંકી, હર્ષિદા ચૌહાણ - અમદાવાદ, દિપીકા ચૌહાણ - વિશાખાપટ્ટનમ, નિશા ટાંક - બાલાઘાટ

ગ્રુપ - ૪ (૬૦ વર્ષથી ઉપર) : (૧) દિનેશ વી. ચાવડા - હૈદ્રાબાદ (૨) વિજ્યા પરમાર - વિશાખાપટ્ટનમ (૩)

SEA FREIGHT SOLUTIONS
S F S
FREIGHT FORWARDER & CHA
Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

જ્યોતિબેન પરમાર - નિઝામાબાદ, આશ્વાસન : નયનાબેન આર. ચૌહાણ - ગાંધીધામ, બાલાબેન વાય. રાઠોડ - કટક, ઝરણા પરમાર - રાંચી. યોગા સમિતિના અધ્યક્ષ શ્રીમતી કાન્તાબેન કોન્ટ્રાકટર, મંત્રીઓ શ્રીમતી સરલાબેન પરમાર, શ્રીમતી તરૂણાબેન રાઠોડ, શ્રીમતી અમૃતાબેન સોલંકી તથા શ્રીમતી વંદનાબેન ચૌહાણે આયોજન માટે જહેમત લીધી હતી. મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે વ્યવસ્થા સંભાળી હતી તથા પ્રાયોજક દાતાશ્રીઓનો આભાર માનેલ હતો.

## અખિલ ભારતીય મહિલા મહામંડળે કરી પવિત્ર પુરૂષોત્તમ માસની આરાધના

આપણા સનાતન ધર્મમાં પવિત્ર પુરૂષોત્તમ માસનું મહત્વ ખુબજ અનેરૂં છે. ખાસ કરીને બહેનો દ્વારા ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક તેની ઉજવણી કરવામાં આવે છે. પૂજા-અર્ચના કરે છે અને નદી તથા વહેતા પાણીમાં સ્નાન કરે છે. ભજન-કિર્તન તથા રૂદ્રી કરીને પોતાનો ભાવ જગાડે છે. ઘણા મહિલા મંડળોએ સ્થાનિક સ્તરે સમુહમાં આવા ધાર્મિક આયોજન કરેલ હતા. અ.ભા. મહિલા મહામંડળે પવિત્ર પુરૂષોત્તમ માસની ઉજવણી રૂપે પોતાના ઘટરમાં બહેનો દ્વારા થતી કાંઠાગોર અને આંબુડું... જાંબુડું...ની પૂજાનો વિડીયો તૈયાર કરીને ગ્રુપમાં મોકલવા અનુરોધ કરેલ. તે અનુસાર વિવિધ મહિલા મંડળોના બહેનોએ પરંપરાગત વેશભુષા, પુરૂષોત્તમ ભગવાનની સ્થાપના અને શણગાર કરીને તેનો વિડીયો બનાવેલ હતો. આવા સુંદર વિડીયોના માધ્યમથી બહેનોએ પરસ્પર એકબીજાના આયોજનના દર્શનનો લાભ લીધો હતો. પ્રમુખ અમિતાબેન સોલંકીએ બહેનોના ઉત્સાહને બિરદાવી નાના બાળકો રૂપી ભાવી પેઢીને આવા સંસ્કારો આપવા અનુરોધ કરેલ હતો. મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે સંકલન કરેલ હતું.


### શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
### ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૪ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com


## વિદેશ (યુ.કે.) મહિલા મંડળના પ્રમુખ કચ્છની મુલાકાતે



અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા સ્થાપિત વિદેશ (યુ.કે.) મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કિરણબેન મહેન્દ્રભાઇ ચૌહાણ (મુળ ગામ : કુંભારીય) માદરે વતન કચ્છની મુલાકાતે પધારેલ હતા તેમજ ભુજ મધ્યે પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ અને ભુજ મહિલા મંડળના બહેનો સાથે શુભેચ્છા મુલાકાત કરેલ હતી. વિદેશમાં મહિલા મંડળની સ્થાપના કરવા બદલ અ.ભા.મહિલા મહામંડળનો આભાર માની સામાજીક અને સાંસ્કૃતિક વિચારોનું આદાન-પ્રદાન કરેલ હતું.



બાગબહારા ઘટકની મુલાકાતે આવેલા અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા અન્ય પદાધિકારીશ્રીઓનું સ્વાગત કરતા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન નવિનભાઇ સોલંકી તથા મંત્રી શ્રીમતી નીતાબેન પરેશભાઇ પરમાર અને બહેનો.

## વડોદરા મહિલા મંડળ

વડોદરા મહિલા મંડળના સભ્ય બહેનોની વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૮-૨૦૨૩ના રોજ પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમારના અધ્યક્ષપણા હેઠળ મળી હતી. મંત્રી શ્રીમતી નયનાબેન ટાંકે પવિત્ર પુરૂષોત્તમ માસની શુભેચ્છા સહ સૌને આવકારી એજન્ડા મુજબ દિપ પ્રાગટ્ય તથા પ્રભુ પ્રાર્થના સાથે મીટીંગનો આરંભ કર્યો. શ્રીમતી પ્રતિમાબેન રાઠોડે સુમધુર કંઠમાં પ્રાર્થના ગાઇ હતી.  બાદ મંત્રી શ્રીએ ઉપપ્રમુખ શ્રીમતી મનિષાબેન ચાવડાને ગત વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ, હરીફાઇઓ તથા ઉજવણીઓનો અહેવાલ વાંચવા આમંત્રીત કર્યા હતા. બાદ ખજાનચી શ્રીમતી પલ્લવીબેન ચાવડા તથા આંતરીક ઓડીટર સોનલબેન સોલંકીએ ગત વર્ષનાં હિસાબોની રજુઆત કરી. જેને હાજર સૌએ બહાલી આપી.

અધ્યક્ષ સ્થાનેથી બોલતા પ્રમુખ શ્રીમતી દર્શનાબેને સૌને આવકાર્યા તથા પોતાના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમ્યાન સૌએ આપેલ સાથ-સહકાર માટે સૌનો આભાર વ્યક્ત કર્યો તથા આગામી સત્ર માટે નવા પ્રમુખ તથા મંત્રી પદ માટે જે કોઇને પદ ગ્રહણ કરીને સ્વીકારવું હોય તો તે માટે સૌને આમંત્રીત કર્યા. પરંતુ હાજર સૌ સભ્ય બહેનો તથા કારોબારી સમિતિના બહેનોએ એકી અવાજે કહ્યું કે અમને દર્શનાબેન પ્રમુખ તથા નયનાબેન મંત્રી તરીકે રહે તે જ સ્વીકાર્ય છે. જેથી ગત સત્ર પ્રમાણે જ પ્રમુખ-મંત્રી તથા કારોબારી સમિતિ યથાવત રાખવામાં આવી. વડોદરા મહિલા મંડળના માજી પ્રમુખ શ્રીમતી ભારતીબેન ચૌહાણ તથા સલાહકાર શ્રીમતી સરલાબેન પરમારે મંડળની કામગીરીની પ્રશંસા કરી તથા ઉપયોગી સલાહ-સુચનો આપ્યા હતા. ત્યાર બાદ બહેનો માટે આયોજીત વાનગી હરીફાઇ (૧) વેજીટેબલ સૂપ (૨) કેળાની ફરાળી વાનગી તથા રમતગમતમાં વિજેતા થનાર બહનોને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ફરાળી વાનગીમાં શ્રીમતી કુસુમબેન સોલંકી તથા ભૂમિકાબેન પરમાર પ્રથમ અને દ્વિતીય વિજેતા થયા હતા. વેજીટેબલ સુપની રેસીપીમાં નિર્મળાબેન વાઘેલા તથા ભૂમિકાબેન પરમાર પ્રથમ અને દ્વિતીય વિજેતા જાહેર થયા હતા. વાનગી હરીફાઇમાં નિર્ણાયક તરીકે શ્રીમતી જાગૃતિબેન જોષી તથા શ્રીમતી હંસાબેન ખંભાળીયાએ સંયુક્ત નિર્ણય આપ્યા હતા. રમત-ગમતમાં યસ-નો એન્ડ જંપમાં ભૂમિકાબેન પરમાર તથા નિર્મળાબેન વાઘેલા પ્રથમ અને દ્વિતીય ક્રમે રહ્યા હતા તથા બેલેન્સ એન્ડ ચેન્જ ધી રેકેટમાં માયાબેન ટાંક તથા રીનાબન ચૌહાણ પ્રથમ તથા દ્વિતીય વિજેતા જાહેર કરાયા હતા. વિજેતઓના ઇનામ વિતરણ બાદ સૌ આમંત્રીત બહેનોનો આભાર માનીને અન્ય કામગીરી બાકી ન રહેતા નયનાબેન ટાંક - મંત્રીશ્રીએ મીટીંગ પૂર્ણ જાહેર કરી તથા સૌ સ્વાદિષ્ટ ફરાળી અલ્પાહારનો આનંદ લઇ છુટા પડ્યા હતા.

નવા વરાયેલા કારોબારી સભ્યોમાં પ્રમુખ - શ્રીમતી દર્શનાબેન ડી. પરમાર, ઉપપ્રમુખ - શ્રમિતી મનિષાબેન એમ. ચાવડા, મંત્રી - શ્રીમતી નયનાબેન વી. ટાંક, સહમંત્રી - શ્રીમતી સુરભીબેન ડી. ટાંક,  ખજાનચી - શ્રીમતી પલ્લવીબેન એન. ચાવડા, આં.ઓડીટર - શ્રીમતી સોનલબેન એમ. સોલંકી, સલાહકાર સભ્યો - શ્રીમતી સરલાબેન જે. પરમાર, આશાબેન એલ. રાઠોડ, શ્રીમતી ગુણવંતીબેન જે. પરમાર તથા ૯ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## કોરબા મહિલા મંડળ





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કોરબા મહિલા મંડળ દ્વારા આજ તા. ૧૨-૦૮-૨૦૨૩, શનિવારના રોજે કોરબામાં સ્થિત શ્રી જલારામ બાપાના મંદિરના પ્રાંગણમાં પુરૂષોત્તમ માસ એકાદશી નિમિત્તે મંડળ ભરવાનું કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં ઘટકના મહિલા મંડળ દ્વારા સમસ્ત બહેનોના સહયોગથી એક ખુબજ સરસ મંડળ ભરવાનું કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ઘટક વતી ઘટક પ્રમુખ શ્રી સુરેશભાઇ રતિલાલ ચૌહાણ, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ત્રિભુવનભાઇ નરસીભાઇ ચૌહાણ

અને મંત્રી શ્રી રવીન્દ્રભાઇ રસિકલાલ ટાંકની ઉપસ્થિતિ આપવામાં આવેલ.

મહિલા મંડળની બહેનો દ્વારા રાસગરબા, ભજન અને મંગલ આરતીનું સરસ આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં ઘટક મહિલા મંડળ મંત્રી શ્રીમતી લીનાબેન રવિન્દ્રભાઇ ટાંક દ્વારા ઉપસ્થિત સર્વેનું આભાર વ્યક્ત કરવામાં આવેલ. કાર્યક્રમની સમાપ્તિમાં સર્વેને સાબુદાણા અને કેળાની પ્રસાદી આપવામાં આવેલ.

## માધાપર મહિલા મંડળ



માધાપર મહિલા મંડળ દ્વારા તા. ૧૫-૦૭-૨૦૨૩, શનિવારના રોજ શ્રીમતી તારાબેન આર. ટાંકના પ્રમુખ સ્થાને સવારથી સાંજ સુધી બહેનો માટે 'સપ્તરંગ' કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. સ્વાગત પ્રાર્થના બાદ સામાજીક વિષયો આધારીત એક પાત્રિય અભિનય દ્વારા બહેનોએ પોતાના વિચારો રજુ કર્યા હતા. સમાજરત્ન વિનોદભાઇ સોલંકી દ્વારા ધર્મ અને અધ્યાત્મ વિશે તેમજ મનોજભાઇ સોલંકી દ્વારા જીવન મુલ્યોનું સંવર્ધન વિષય પર વકતવ્ય આપવામાં આવેલ. મંડળ દ્વારા ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. બપોર બાદના સેશનમાં વર્ષાઋતુને અનુલક્ષીને 'હાઉઝી ગેમ' ગીત અને નૃત્ય સાથે રમાડવામાં આવી હતી. ત્યાર બાદ ચાલો એકબીજાને ઓળખીએ ગેમમાં બધાને ખુબજ આનંદ આવેલ હતો. કચ્છ યુનિવર્સિટીના પ્રાધ્યાપક દક્ષાબેન ગોર દ્વારા મોટીવેશન સ્પીચ આપવામાં આવેલ. ખુરશી વાળી તેમજ કાર્ડની અન્ય ગેમ પણ રમાડવામાં આવેલ હતી. ૧૫૦થી વધુની સંખ્યામાં બહેનોએ હાજરી આપેલ દરેકને ઇનામ આપવામાં આવેલ અને અંતે સૌ બહેનો ગરબા રમીને છુટા પડ્યા હતા. પુરૂષોત્તમ માસ નિમિત્તે



સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકીના સાથ-સહકારથી બહેનો માટે નારાયણ સરોવર તેમજ કોટેશ્વર પ્રવાસનું આયોજન રાખવામાં આવ્યું હતું. બે બસમાં ૮૦ની સંખ્યામાં બહેનોની હાજરી હતી. મંડળ દ્વારા બહેનોને નાસ્તો આપવામાં આવ્યો હતો.

## રાજનાંદગાંવ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાજનાંદગાંવ મહિલા મંડળના બધાને જયશ્રી કૃષ્ણ. પુરૂષોત્તમ મહિનાની એકાદશી નિમિત્તે તા. ૧૧-૦૮-૨૦૨૩ના રોજ મહિલા મંડળ દ્વારા મડંળ ભરવામાં આવ્યું હતું. બધા ભેગા મળીને આનંદ લીધો હતો. બધા મહિલા મંડળ મળીને આ પ્રોગ્રામનો લાભ લીધો અને સાથે મળીને પૂજા કરી અને સાંજે આરતી અને ગરબાની રમઝટની સાથે આનંદ કર્યો હતો. સાથે સાથે ૧૦૮ વિષ્ણુ સહસ્ત્રના પાઠ પણ કર્યા હતા. સાંજે રાજનાંદગાં ઘટકના ટ્રસ્ટ



પ્રમુખ શ્રી રાજેશભાઇ રાઠોડ અને પ્રમુખ શ્રી ઇશ્વરભાઇ રાઠોડ પોતાના હોદ્દેદારો સાથે ઉપસ્થિત રહ્યા હતા અને પછી બધાએ સાંજે સાથે સ્વલ્પાહાર લીધો હતો.

## આદિપુર મહિલા મંડળ





તા. ૨૩ જુન-૨૦૨૩, શુક્રવારના રોજ આદિપુર મહિલા મંડળની મીટીંગ આદીપુર કપિલમુની આશ્રમ સંકુલમાં આવેલ આપણા સમાજ ભવનમાં રાખવામાં આવેલ. વેકેશન હોવાથી શ્રીમતી નિશાબેન તથા શ્રીમતી હિનાબેન એમ બન્ને બહેનોએ કીટી પાર્ટી સાથે રાખેલ. હનુમાન ચાલિસા ગાઇને કીટી પાર્ટીની શરૂઆત કરેલ. વેલકમ ડ્રીંક અને નાસ્તાની સરસ વ્યવસ્થા કરવામાં આવેલ. તે ઉપરાંત મહિલાઓ અને બાળકો માટે પણ ગેમ રાખેલ તથા હાઉઝી ગેમ પણ રાખેલ. વિજેતા બહેનોને ઇનામ આપી પ્રોત્સાહીત કરેલ. તેમાં પ્રથમ નંબર નેહાબેન તેમજ દ્વિતીય ઇનામ ધારાબેનને મળેલ. ત્યાર બાદ સૌએ વીડીયો બનાવી, ગ્રુપ ફોટા પાડી તેમજ ખુબજ હસી-મજાક કરી, હોંશભેર છુટા પડેલ.

આદિપુર મહિલા મંડળે અધિક માસ નિમિત્તે એક દિવસનો યાત્રા-પ્રવાસ ગોઠવેલ. તા. ૨૮-૦૭-૨૩ના રોજ ફોટ મહાદેવ, પ્રિતીદેવી મંદિર અને ભુજ સ્વામિનારાયણ મંદિર હિંડોળાના દર્શન કરવા ગયેલ. બધી બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. ફોટ મહાદેવ પાસે વહેતા પાણીના ઝરણાંમાં બધી બહેનોએ ન્હાવાનો આનંદ લીધેલ.

આદિપુર મહિલા મંડળની દર મહિને મળતી મીટીંગ તા. ૧૫-૦૭-૨૦૨૩ના રોજ શ્રીમતી તૃપ્તિબેન રાજેશભાઇ વાઢેરના ઘરે કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના બાદ સમાજ ઉપયોગી ચર્ચા-વિચારણા પછી, એક મિનિટ ગેમનું આયોજન કરવામાં આવેલ. તેમાં પ્રથમ નંબર શ્રીમતી નેહાબેન અમિતભાઇ રાઠોડ અને દ્વિતીય નંબર શ્રીમતી હીનાબેન અજયભાઇ ચાવડા આવેલ. ત્યાર બાદ એન્જોય ગેમ રમેલ અને પછી હાઉજી ગેમ રાખેલ હતી. શ્રીમતી તૃપ્તીબેન રાજેશભાઇ વાઢેર તરફથી પ્રથમ, દ્વિતીય નંબરને ઇનામ આપવામાં આવેલ તેમજ શ્રીમતી રંજનબેન દિલીપભાઇ વાઢેર અને શ્રીમતી તૃપ્તીબેન રાજેશભાઇ વાઢેર તરફથી બધા કીટી સભ્યોને ગીફ્ટ આપવામાં આવેલ. ત્યાર બાદ બધાને નાસ્તો આપવામાં આવેલ, નાસ્તો કરી બધા છુટા પડેલ.

## મુલુન્ડ મહિલા મંડળ

મુંબઇ (મુલુન્ડ) મહિલા મંડળની જુન મહીનાની મીટીંગ ૧૭-૬-૨૩ઉલર મુલુન્ડ સ્થીત ભાવનાબેન અને સુશીલાબેન તરફથી ભાવનાબેનના ઘરે રાખવામાં આવી હતી અને જુલાઇમાં રેખાબેન યાદવ અને ભારતીબેન ચાવડા તરફથી રેખાબેનના ઘરે રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત ૐ બોલીને કરી હતી. ગીતાજીનો ૧૫મો અધ્યાય, ગાયત્રી ચાલીસાનો પાઠ અને હનુમાન ચાલિસાનો પાઠ કર્યા બાદ ચાર ભજન કર્યા હતા. ભાવનાબેન અને સુશીલાબેને બધા બહેનોની મનપસંદ હાઉઝી ગેમ રમાડી હતી અને બંને બહેનોએ વિજેતા થયેલા બહેનોને ગીફ્ટ આપેલ તેમજ રેખાબેન અને ભારતીબેને પણ બધા બહેનોને એક મીનીટ ગેમ રમાડી હતી તે ગેમમાં પણ વિજેતા થયેલા બહેનોને રેખાબેન અને ભારતીબેને ગીફ્ટ આપેલ અને



જુન અને જુલાઇમાં જે બહેનોનો બર્થડે હતો તે બહેનોને મહિલા મંડળ તરફથી ગીફ્ટ આપીને સન્માન કર્યું હતું. તે બહેનોએ પણ મહિલા મંડળ તેમના બર્થડે નિમિત્તે ભેટ લખાવી હતી આમ જ અમારું મહિલા મંડળ સારું ચાલે છે અને નાની-મોટી એક્ટીવીટી કરીએ છીએ. છેલ્લે ભાવનાબેન, સુશીલાબેન અને રેખાબેન

તેમજ ભારતીબેને બધા બહેનોને સ્વાદીષ્ટ નાસ્તો કરાવેલ અને ઠંડુ પણ રાખેલ. છેલ્લે વંદનાબેને બધા બહેનોનો આભાર કર્યો હતો. આમ બધા બહેનો એકબીજાને મળીને છુટા પડ્યા હતા અને બહેનોના ચહેરા પર સંતુષ્ટીના સુર દેખાતા હતા અને અધિક માસના પણ ભાવનાબેનના ઘરે ભજન રાખેલા હતા. નજીક રહેતા બહેનો આવેલા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ





હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા જુન-૨૦૨૩ મહિનાનું પ્રોગ્રામ વોટ્સઅપ ગ્રુપમાં ઓનલાઇન રાખવામાં આવ્યું હતું. મહિલા મંડળ સદસ્ય બહેનોને પોતાના બિઝનેસનું પરિચય આપવા માટે પ્લેટફોર્મ આપ્યું હતું. અલગ અલગ ક્ષેત્રમાં ફુડ બિઝનેસ, કન્સલ્ટીંગ સર્વિસ, યોગા ક્લાસીસ, નારીયલ જ્વેલરી, બ્યુટીશીયન, ઇન્ટીરીયર ડીઝાઇનીંગ, ઇવેન્ટ પ્લાનર ક્ષેત્રોમાં ૧૩ બહેનોએ પોતાનું પરિચય આપ્યો હતો.

## રાયગઢ મહિલા મંડળ



શ્રી કચ્છી ગુર્જર ક્ષત્રિય સમાજ રાયગઢ ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળના તત્વાધાનમાં દિનાંક ૨૯-૦૭-૨૦૨૩ના



રોજે પરમ પાવન પુરૂષોત્તમ માસ (પ્રથમ સાવન)માં ભગવાન શિવનું રૂદ્રાભિષેક કરવામાં આવેલ. સમાજના સર્વે ભાઇઓ-બહેનોએ આ ધાર્મિક કાર્યમાં સહભાગીતા આપી. જેમાં મુખ્ય યજમાન તરીકે અરૂણાબેન તુષારભાઇ ચૌહાણનું પૂર્ણ સહયોગ હતું. સંપૂર્ણ વાતાવરણ ''ૐ નમઃ શિવાય''ના નાદથી ગુંજી ઉઠેલું. સર્વે સાથે મળીને રૂદ્રાભિષેકનો લ્હાવો લીધેલ. સર્વે બહેનોએ લાલ-પીળા રંગની સાડી પહેરી અને સર્વે ભાઇઓએ કુર્તા પહેરીને આરતી ઉતારી જેથી આનંદ-આનંદ વ્યાપી ગયો હતો. છેલ્લે પ્રસાદ વિતરણ થયેલ.

## મીઠાપુર મહિલા મંડળ



મીઠાપુર મહિલા મંડળ દ્વારા તા. ૩૦-૦૭-૨૦૨૩, રવિવારના રોજ દ્વારકા મુકામે આવેલ પ્રણામી મંદિરે પિકનીકનું આયોજન કરેલ હતું. મીઠાપુર મહિલા મંડળની બહેનો સવારે ૯ વાગ્યે સાથે મળીને મીની બસમાં ભજન-કિર્તન કરતાં કરતાં પ્રણામી મંદિરે પહોંચ્યા. ત્યાં મંદિરમાં દર્શન કર્યા. પછી બધી બહેનોએ સાથે મળીને રસોઇ બનાવી. રસોઇ થઇ ગયા બાદ બધી બહેનોએ સાથે મળીને ભોજન કર્યું. ત્યાર બાદ તંબોલા રમી ત્યાંથી ગોમતી ઘાટે જવા રવાના થયા. પુરૂષોત્તમ મહિનો હોવાથી બધી બહેનોએ ગોમતી ઘાટે ગોમતી સ્નાન કર્યું. ત્યાર બાદ શ્રી દ્વારકાધીશના મંદિર જઇ શ્રી દ્વારકાધીશના દર્શન કર્યા. ત્યાંથી નાગેશ્વર જવા રવાના થયા. નાગેશ્વર શંકર ભગવાનના દર્શન કરી ભજન કરતા કરતા મીઠાપુર પરત આવ્યા હતા.

પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક
એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal


## રાયગઢ યુવા મંડળ





રાયગઢ યુવા મંડળ દ્વારા ઘટક તેમજ મહિલા મંડળના સાથ-સહકાર સાથે ૩૦ જુલાઇ, રવિવારના રોજે યુવા મહામંડળની પ્રેરણાથી વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ. વૃક્ષારોપણ શ્રાવણના પવિત્ર માસ દરમ્યાન રાયગઢ સ્થીત શ્રી બાબા ધામના પ્રાંગણમાં કરવામાં આવેલ. જેમાં ૨૧ છાયાદાર તેમજ ફળદાર વૃક્ષો વાવવામાં આવેલ.

આ સમગ્ર આયોજન યુવા મંડળ પ્રમુખ શ્રી ચંદનભાઇ ટાંકના નેતૃત્વ હેઠળ સાથે ઘટક અને મહિલા મંડળ પ્રમુખશ્રીના માર્ગદર્શનમાં આયોજીત કરવામાં આવેલ સાથે આયોજનમાં યુવા મંડળના સમસ્ત પદાધિકારીઓનું યોગદાન સરાહનીય હતું. ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા સંયુક્ત રૂપે ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન ૧૫ ઓગષ્ટની સવારે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિરૂપે સુશ્રી ઉષાબેન ચૌહાણ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવેલ સાથે ઉપસ્થિત સભ્યોને પ્રેરક પ્રવચન આપી દેશ પ્રેમની જાગૃતિ આપેલ તેમના પશ્ચાત ઉપસ્થિત સર્વે સભ્યો દ્વારા ભારત માતા આરતી કરવામાં આવેલ અને અંતે પ્રસાદી વિતરણ કરી આયોજનને પૂર્ણ કરેલ. આ સમગ્ર આયોજન માટે ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ પ્રમુખ દ્વારા ઉપસ્થિત સર્વે સભ્યોનું આભાર માનવામાં આવેલ.

## અંજાર યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય(મિસ્ત્રી) સમાજ અંજાર પ્રેરિત - મહિલા મંડળ સહકારીત - યુવા મંડળ આયોજીત સરસ્વતી સન્માન સમારોહ સહ સાંસ્કૃતિક કાર્યક્રમ - ૨૦૨૩ નુ આયોજન પ્રમુખશ્રી વિનોદભાઈ મોહનભાઇ ખોડિયારના અધ્યક્ષ સ્થાને તારીખ - ૧૨/૦૮/૨૦૨૩ શનિવારના રોજ ૬:૩૦ કલાકથી સમાજભવન મધ્યે યોજવામાં આવેલ હતો આ આયોજનમાં સમાજના ત્રણે પાંખ હોદેદારશ્રીઓ / દાતાશ્રીઓ / સમાજબંધુશ્રીની ઉપસ્થિતિ સાથે બાળકોને પ્રોત્સાહિત કરી આયોજનની શોભા વધારી હતી આયોજનમાં સમાજના ટોટલ



૩૦૦ થી વધૂ વિધાર્થીઓને સન્માનિત કર્યા હતા સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૬ જેટલી પ્રસ્તુતી સમાજ સમક્ષ પોતાની પ્રતિભા સાથે નાના મોટા ભૂલકાઓ દ્વારા રજુ કરેલ હતી આ કાર્યક્રમમાં પ્રસ્તુતિ રજુ કરેલ તમામ બાળકોને સમાજના હોદેદારશ્રી દ્વારા પ્રોત્સાહિત કરી ધનરાશિની વર્ષા કરેલી હતી. આ સમગ્ર આયોજનમાં લાઇટ ડેકોરેશનના દાતાશ્રી ભરતભાઇ રાઠોડ (ગાયત્રી લાઇટ ડેકોરેશન-અંજાર) તેમજ સાઉન્ડ સિસ્ટમના દાતા શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ વરસોથી આ આયોજનમાં સહભાગી બની નિ:શુલ્ક સેવા આપી રહ્યા છે. કોરોના કાળ પછી આ સરસ્વતી સન્માન એવં સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રથમ આયોજન રંગે-ચંગે ઉજવવામાં આવ્યું હતું. આ આયોજન સમસ્ત અંજાર સમાજના સમાજબંધુઓને ઉમંગભેર ભાગ લીધો હતો. આ આયોજનની સંપૂર્ણ રૂપરેખાનુ સંચાલન અંજારના યુવા મંડળના પ્રમુખ શ્રી મુકેશભાઇ હરિલાલ ખોડિયાર અને સમસ્ત યુવા મંડળ ટીમ દ્વારા તેમજ શ્રી વિજયભાઈ પઢીયાર, શ્રી મહેશભાઈ જેઠવા, શ્રી શીલાબેન સોલંકી, શ્રી ક્રિતીકાબેન જેઠવા, શ્રી પ્રતીકભાઈ ખોડિયાર, શ્રી પ્રતીકભાઈ ટાંક, શ્રી જેપીનભાઈ રાઠોડ, શ્રી ગીરીશભાઈ પરમાર, શ્રીમતી યોગિતાબેન ચાવડા, શ્રીમતી અંકિતાબેન તેમજ શ્રી કિરણ વરુ, શ્રી હીનેશ રાઠોડ, શ્રી મિત ચૌહાણ, શ્રી સંદીપ ટાંક, શ્રી દીપ ટાંક, શ્રી આશિષ ટાંક, શ્રી પૂર્વ મારૂ, શ્રી જતીન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ બનાવા તમામ સહયોગી દાતાશ્રીઓ / સમાજબંધુશ્રીઓનો ત્રણે પાંખ વતી ખુબ ખુબ આભાર વ્યક્ત કરીયે છીએ. આ કાર્યક્રમ વરસોની પ્રણાલી મુજબ અંજાર યુવા મંડળની સમસ્ત ટીમ સહકાર આપી આયોજન કરી રહ્યા છે.

## કર્ણાટક યુવા પ્રાદેશિક



અ.ભા.યુવા મહામંડળની પ્રેરણાથી કર્ણાટક યુવા પ્રાદેશિક તેમજ ગુલબર્ગા યુવા મંડળ દ્વારા તા. ૬-૮-૨૩ના સ્વામી સમર્થ મંદિરમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. કર્ણાટક પ્રા. યુવા મંડળના પ્રમુખ શ્રી પારસભાઇ એચ. ચાવડાના નેતૃત્વમાં તેમજ ગુલબર્ગા ઘટક પ્રમુખ મહિલા મંડળ પ્રમુખના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. ગુલબર્ગાથી ૧૫ કિ.મી. દુર સ્વામી સમર્થ મંદિર છે ત્યાં બહુ શાંત વાતાવરણ અને ત્યાં ધ્યાન મંદિર પણ છે. મંદિરમાં ગૌશાળા પણ છે જેના અંદર ૨૦૦ ગાયો છે. કુલ ૨૦ નારીયેળા વૃક્ષ બીજા ૧૦ વૃક્ષો વાવવામાં આવેલ. આ કાર્યક્રમના સાથે મંદિરમાં ભંડારાનું આયોજન અને ગૌસેવા પણ કરવામાં અઆવેલ. આ સમગ્ર આયોજનમાં યુવા મંડળ ગુલબર્ગાનું યોગદાન સરાહનીય હતું. કર્ણાટક યુવા પ્રાદેશિક તરફથી મંત્રી શ્રીમતી નીતા પારસ ચાવડા તેમજ પ્રચાર પ્રસાર મંત્રી શ્રીમતી રૂપાલી વિનય વાઘેલાનો વિશેષ યોગદાન રહ્યું સાથે ગુલબર્ગા યુવા મંડળનું પણ યોગદાન મળેલ હતું.

## વડોદરા યુવા પ્રાદેશિક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ વડોદરા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ ૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ હતું. આ આયોજનમાં જોડાયેલ સમાજબંધુએ એક કે તેથી વધુ વૃક્ષ તેમના ગલી-મહોલ્લા કે ઘરમાં વાવીને તેનો વીડીયો ઉતારી સાથે ફોટો તારીખ ૨૩મી જુલાઇ રવિવાર સુધી મોકલાવેલ હતા. આ ઉમદા કાર્યમાં કુલ ૨૮થી વધુ યુવા ભાઇઓ-બહેનો તથા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામ પાર્ટીસીપેન્ટને યુવા મંડળ દ્વારા ઇ-સર્ટીફીકેટ અને પ્રોત્સાહન રાશી આપીને સન્માનિત કરવામાં આવેલ હતા.



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસ - નાગપુર



તારીખ ૧૬ જુલાઈ રવિવારના દિવસે વર્ધા ઘટક માં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસના કાર્યવાહક સભ્ય પદાધિકારી તથા આમંત્રિત સદસ્યોની સભા લેવામાં આવી સભાનું આયોજન સંપૂર્ણ રીતે વર્ધા ઘટક દ્વારા કરવામાં આવેલ હતું જેમાં મહાસભા અધ્યક્ષ આદરણીય શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાનું વર્ધા ઘટક પ્રમુખ શ્રી હરીશભાઈ વલ્લભભાઈ પરમાર તેમજ મંત્રી શ્રી પ્રેમભાઈ દેવરામભાઈ ચૌહાણ તથા સર્વે વર્ધા ઘટક વતી જાહેર સત્કાર કરવામાં આવ્યું સભા માં વિદર્ભ પ્રાદેશિક ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી અમૃતલાલભાઈ કેશવજીભાઈ ટાંક તેમજ શ્રી પ્રાદેશિક સમિતિના



અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર (બાલાઘાટ) ગોંદીયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ, બલ્લારશાહ ચંદ્રપુર ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઈ દેવરામભાઈ ચૌહાણ, તુમસર ઘટક પ્રમુખ શ્રી ગોવર્ધનભાઈ દયારમભાઈ ટાંક વર્ધા ઘટક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મીનાબેન જેઠવા વિશેષ રૂપે મંચ ઉપર ઉપસ્થિત હતા. સર્વપ્રથમ સમાજ રત્ન સ્વ.હીરજી બાપા તથા વડલા ની છવી અને માતાજી ની છવી સમક્ષ મંચ ઉપર ઉપસ્થિત સર્વે અતિથિઓ દ્વારા દીપ પ્રજવલ્લંન કર્યા બાદ નાની બાળીકા કુ.નાયરા પરમાર અને કુ.દેવિકા જેઠવા દ્વારા ગણેશજી ની સ્તુતિ કરતાં સુંદર નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું.

સભામાં ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓ જેમાં મંત્રી શ્રી મિતેશભાઇ કરસનભાઈ પરમાર કોષાધ્યક્ષ શ્રી જયંતીભાઈ અમરશીભાઈ વેગડ(ગોંદીયા) સદસ્ય શ્રી અરૂણભાઇ નરસિંહભાઈ ટાંક (અમરાવતી) શ્રી કિશોરભાઈ ત્રિકમજીભાઈ ટાંક (શેગાવ) શ્રી રમણીકભાઈ હીરજીભાઈ ચૌહાણ (કળમેશ્વર) શ્રી ખેમરાજભાઈ કાનજીભાઈ વેગડ (ઉમરેડ) શ્રી વિનયભાઈ મૂળજીભાઈ પરમાર શ્રી યતિનભાઈ સુરેશભાઈ પરમાર (ગોંદીયા) પણ હાજર હતા.આવેલ સર્વે અતિથિ તથા ટ્રસ્ટીઓનું પુષ્પગુચ્છ થી સ્વાગત સન્માન વર્ધા ઘટક ના સભ્યો દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ શ્રીવિદર્ભ પ્રાદેશિક સમિતિ ના પ્રમુખ તરીકે ન્યાસની સભા વર્ધા ઘટકમાં આયોજિત

કરવા માટે સમિતિના અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ પરમાર દ્વારા શાલ તથા શ્રીફળ આપીને વર્ધા ઘટકના પ્રમુખ શ્રી હરીશભાઈ પરમાર નું સન્માન કરવામાં આવ્યું તેમજ સભાને સારી રીતે આયોજિત કરવા બદલ ન્યાસના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ કેશવજીભાઈ ટાંક દ્વારા વર્ધા ઘટકના મંત્રી શ્રી પ્રેમભાઇ જેઠવાનું શાલ શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું. શ્રી હરીશભાઈ પરમાર તેમજ શ્રી પ્રેમભાઈ જેઠવા દ્વારા પોતાના મનોગત સર્વે સદસ્યોની સમક્ષ રજૂ કરવામાં આવ્યા તે સિવાય શ્રી જીતેન્દ્રભાઈ પરમારે પોતાના વિચારો વ્યક્ત કર્યા. ત્યારબાદ ન્યાસ ના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ ટાંકે વ્યાસની પ્રવૃત્તિઓની જાણકારી સર્વે સમક્ષ રજૂ કરી ન્યાસ દ્વારા આપવામાં આવતી સહાયતા ની વિસ્તૃત જાણકારી ઉપસ્થિતસર્વે સદસ્યોને આપી. ન્યાસના પૂર્વ અધ્યક્ષ તથા વર્તમાન માં મહાસભા ના પ્રમુખ શ્રી યોગેશ ભાઈ ચાવડા એ ન્યાસ વિષે જણાવતા કહ્યું કે આજે મને ખુશી છે કે સમાજ ન જેટલા પણ ટ્રસ્ટ છે એમાં શ્રી વિદર્ભ પ્રાદેશિક ટ્રસ્ટ નું ભંડોળ સૌથી વધુ છે ,હજી પણ ભંડોળ ને વધારી ને રૂ.૫૦ લાખ સુધી કરવા ટ્રસ્ટ ના સર્વે પદાધિકારીઓ ને પ્રયાસ કરવા વિનંતી કરી,ટ્રસ્ટ દ્વારા જરૂરિયાત સદસ્ય ને વગર સમય ને ગુમાવ્યા તરત મદદ આપવામાં આવે છે એ ન્યાસ ની એક વિશેષ ઉપલબ્ધિ છે,મહાસભા ના કાર્યો વિષે જાણકારી આપતા કહ્યું કે બિઝનેસ મીટ ટાટા માં રાખવામાં આવેલ છે. તેમ જ બેંગલોર માં આઇ.ટી મીટ રાખેલ છે. મહાસભા સગપણ વિષે કાર્યો સારી રીતે કરી રહી છે. દીકરા દીકરીઓનું સગપણ એ આપણી સમાજ માટે એક વિકરાળ સમસ્યા છે માટે વાલીઓને શિક્ષણ તથા સંસ્કાર ની સાથે સાથે મોટા થતા પાત્રોના સગપણ માટે સમય રહેતા કેમ થાય એ વિષય ઉપર વિચારવા જેવું છે. અંતમાં વર્ધા ઘટકની બહેનોની વિનંતી પર મંત્રી શ્રી મિતેશભાઇ પરમાર દ્વારા એક સામાજિક ગીત ની પ્રસ્તુતિ કરી ત્યારે સર્વે સદસ્યો એ તેમને તળિયોથી વધાવી લીધું. વર્ધા ઘટક ના વડીલ ભાઈ બહેનો અને સર્વે સદસ્યો ઉપસ્થિત હતા.સંપૂર્ણ સભા નું સંચાલન ટ્રસ્ટ ના મંત્રી શ્રી મિતેશભાઇ પરમાર દ્વારા સુચારુ રૂપે પૂરું કર્યું, અંત માં શ્રી પ્રેમભાઈ જેઠવા દ્વારા આભાર પ્રદર્શન કરવામાં આવ્યું,અને સર્વે સદસ્યો એ રાષ્ટ્રગીત ગાઈ ,ભોજન ગ્રહણ કર્યા બાદ વિદાઈ લીધી હતી.

# ભુજ વિદ્યાર્થી ભવન



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત ભુજ વિધાર્થી ભવન માં ૭૭ મા સ્વાતંત્ર્યદિન અવસરે મંડળ ના પ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકી ની ઉપસ્થિતી માં સંચાલન સમિતી ના સભ્ય શ્રી નાનાલાલભાઇ અમૃતલાલભાઇ ચૌહાણ ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતું.સંચાલન સમિતી ના પ્રમુખ શ્રી દિપકભાઇ ચૌહાણ, તથા પુર્વ મંત્રીશ્રી જયસિંહભાઇ પરમાર એ સ્વાતંત્ર્યદિન ની શુભેચ્છા પાઠવી હતી. મંત્રીશ્રી ઉમંગભાઇ પરમારે ભુજ ભવન માં લગાડવામાં આવેલ સોલાર પેનલ ની જાણકારી આપી દાતાશ્રીઓ નો આભાર માનેલ હતો. મંડળ ના પ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકી તથા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ એ સ્વાતંત્ર્યદિન ની શુભેચ્છાઓ પાઠવી રાષ્ટ્ર નિર્માણ ના દરેક કાર્યક્રમ માં ઉત્સાહભેર જોડાઇ ભારત દેશ ના ફરજનિષ્ઠ તથા જાગૃત નાગરિક બની રહેવા અનુરોધ કરેલ હતો . ભુજ તથા અંજાર સંચાલન સમિતી ખુબ સારું કાર્ય કરતી હોવાનું તથા દરેક ઉપયોગી આયોજન માં સૌનો સહયોગ મલી રહેશે તેમ જણાવ્યું હતું. આઝાદી ના જંગ માં આપણા સમાજ ના યોગદાન તથા મુળ રેહા ના ધનબાદ નિવાસી સ્વાતંત્ર્ય સેનાની સ્વ. પુરુષોત્તમભાઈ ખીમજી ચૌહાણ ના સમર્પણ ને યાદ કરેલ હતું.ભવન ના વિધાર્થીઓ એ દેશભક્તિ ના ગીતો રજુ કરેલ હતા.કે.જી.કે. સમાજ મ્યુઝિક ગ્રુપ ના સભ્યો વિજયભાઈ સોલંકી તથા યોગેશભાઈ ચૌહાણ એ પણ દેશભક્તિ ના ગીતો ગાયા હતા. સંચાલન સમિતી ના મંત્રી શ્રી ઉમંગભાઇ પરમાર એ કાર્યક્રમ નું સંચાલન કરેલ હતું. કારોબારી સભ્ય શ્રી અંકિતભાઇ ચૌહાણ એ અભારવિધી કરેલ હતી. શ્રી ધીરેનભાઇ ટાંક એ વ્યવસ્થા સંભાળી હતી.કાર્યક્રમ માં ભુજ ઘટક ના વડિલ શ્રી વ્રજલાલભાઇ સામજીભાઇ પરમાર, જનાર્દનભાઇ રાઠોડ,હરીલાલભાઇ યાદવ હાજર રહ્યા હતા.ભુજ ભવન ના ગૃહપતિ શ્રી અરવિંદભાઇ ગોર તથા વિધાર્થીઓ એ વ્યવસ્થા સંભાળી હતી.



# અંજાર વિદ્યાર્થી ભવન



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલીત એવં વિદ્યાર્થી ભવન અંજાર તથા ચાણક્ય એકેડેમી આણંદના સંગાથે વિદ્યાર્થી ભવન-અંજાર મધ્યે સ્પર્ધાત્મક પરિક્ષાના નિઃશુલ્ક વર્ગો તા. ૧૭-૦૮-૨૦૨૩, ગુરૂવારથી શરૂ કરવા જઇ રહ્યા છીએ



તેના સંદર્ભે તા. ૩૦-૦૭-૨૦૨૩, રવિવારના રોજ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ભવન અંજાર મધ્યે કેળવણી મંડળના પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તથા અંજાર ભવન પ્રમુખ શ્રી પાર્થભાઇ જશવંતભાઇ ચાવડાના અધ્યક્ષ સ્થાને ચાણક્ય એકેડમી (આણંદ)ના સહયોગથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમીનારમાં ચાણક્ય એકેડમીના કોર્ડીનેટર શ્રી તુલસીદાસભાઇ સાધુ, ડાયરેક્ટર શ્રી સ્વેતાબેન સાધુ તેમજ જશવંતભાઇ પંચાલ, એ.એસ.પી. પૂર્વ કચ્છ સાહિત્યા મેડમ, અંજાર શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી બલરામભાઇ જેઠવા, મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા, મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી કુંવરજીભાઇ ટાંક, અંજાર ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર, શાસક પક્ષના નેતા સુરેશભાઇ ટાંક, કેળવણી મંડળન માનદ્ મંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણ સર્વે સાથે રહી દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યાર બાદ કોર્ડીનેટર શ્રી તુલસીદાસભાઇ સાધુ તથા જશવંતભાઇ પંચાલ દ્વારા સમગ્ર સેમિનારનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું તેમજ અંજાર ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર દ્વારા અંજાર ભવન શિક્ષણ હેતુને ધ્યાને લઇને મુખ્ય હોલ નિઃશુલ્ક આપી સેવાકીય પ્રવૃત્તિનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું તથા એ.એસ.પી. શ્રી સાહિત્યા મેડમ તેમજ વિનોદભાઇ ખોડિયાર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ હતું.

આ શૈક્ષણિક મહાયજ્ઞમાં યુવાનોના ભવિષ્યને ધ્યાને લઇ આ આયોજન શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળના આદ. પ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકીજીના ઉચ્ચ વિચારો તેમજ પ્રેરણાથી યુવાનોનું ભવિષ્ય ઉજ્જવલ બને તે હેતુથી કરવામાં આવ્યું છે. જેને શ્રી વિનોદભાઇ પઢિઆર સાહેબે અથાગ મહેનત તથા અંજાર વિદ્યાર્થી ભવન સંચાલન સમિતિના તમામ હોદ્દેદારો પ્રમુખ - શ્રી પાર્થભાઇ જશવંતભાઇ ચાવડા, મહામંત્રી શ્રી પ્રદિપભાઇ કે. ટાંક, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ કે. ટાંક, શ્રી જીવરામભાઇ ચાવડા, મંત્રી શ્રી મુકેશભાઇ ખોડિયાર, જયદિપભાઇ વરૂ, હિતેશભાઇ રાઠોડ, હિતેન્દ્રભાઇ ચાવડા, પ્રવિણભાઇએ જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. આ આયોજનની રૂપરેખાનું સંચાલન મંત્રી શ્રી મુકેશભાઇ એચ. ખોડિયાર દ્વારા કરી આયોજનના સહભાગી દાતાશ્રી/મહેમાનોનો સંચાલન સમિતિ વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વાઢેર નુખના શ્રી મોમાય માતાજી - સિનુગ્રા

શ્રી વાઢેર નુખના શ્રી મોમાય માતાજીની અસીમ કૃપાથી **સં. ૨૦૭૯, આસો સુદ-૮, રવિવાર, તા. ૨૨-૧૦-૨૦૨૩ના માતાજીનો હોમ-હવન તથા સમુહ પ્રસાદ તથા આસો સુદ-૯ સોમવારના તા. ૨૩-૧૦-૨૦૨૩ના વાઢેર કુળના તમામ ગોઠી ભાઇઓ દ્વારા માતાજીની મહાઆરતી તથા સમુહ નૈવેધ તથા કર થશે.** આ બંને દિવસના પ્રસાદના દાતાશ્રી પ્રફુલભાઇ કરસનભાઇ વાઢેર પરિવાર - અમદાવાદ. ઉપરોક્ત બંને દિવસોએ દર્શન-સમુહ પ્રસાદ લેવા આમંત્રણ પાઠવવામાં આવે છે. જે ભાઇઓને હવનમાં બેસવાનો લાભ લેવાનો હોય તથા કર કરવાના હોય તો તેમણે અગાઉથી જાણ કરવા વિનંતી. દરેક વાઢેર કુટુંબને આ આમંત્રણ અન્ય વાઢેર કુટુંબીજનોને આપવા નમ્ર વિનંતી તથા કુટુંબની નિયાણીઓને પણ આમંત્રણ આપવા વિનંતી.

**ઇશ્વરલાલ દેવરામ વાઢેર - ૯૮૨૫૩૬૮૨૧૯**

**નાનાલાલ પ્રાગજી વાઢેર - ૯૪૨૮૭૪૮૦૫૮**

# સમાજ ગૌરવ



માધાપર ઘટક ના બહેન શ્રીમતી મીતા બહેન અને ભાઈ શ્રી ગિરીશ અમરશીભાઈ ચૌહાણ (મૂળ ગામ - નાગોર) હાલે માધાપર ની સુપુત્રી ધ્રુવી ગીરીશભાઈ ચૌહાણ એસ.એસ.સી. બોર્ડ ૨૦૨૩માં ૯૩% મેળવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપરનું ગૌરવ વધારેલ છે... ધ્રુવી ગીરીશભાઈ ચૌહાણને ભવિષ્ય ની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભ કામના સહ અભિનંદન.



માધાપર ઘટક ના ભાઈ શ્રી ધર્મેન્દ્ર શીવજી ભાઈ પરમાર (મૂળ ગામ - કુકમા) હાલે માધાપર અને બહેન સ્વપના બહેનની સુપુત્રી તેમજ ગૌરીબેન શીવજી ભાઈ પરમારના પૌત્રી કાવ્યા ધર્મેન્દ્રભાઈ પરમાર જ.જ.ઈ. બોર્ડ ૨૦૨૩ માં અ૧ ગ્રેડ સાથે ૯૨.૬૭% મેળવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર નુ ગૌરવ વધારેલ છે... કાવ્યા ધર્મેન્દ્રભાઈ પરમાર ને ભવિષ્ય ની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભ કામના સહ અભિનંદન...



માધાપર ઘટક ના ભાઈ શ્રી હરેશભાઈ નોંઘજી પરમાર તથા ભાવિકાબેન (મૂળ ગામ - કુકમા) હાલે માધાપરની સુપુત્રી હેત્વી હરેશભાઈ પરમાર એસ.એસ.સી. બોર્ડ ૨૦૨૩ માં ૯૦% મેળવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર નુ ગૌરવ વધારેલ છે... સમાજ ની દીકરી ને ભવિષ્ય ની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભ કામના સહ અભિનંદન...



માધાપર ઘટક ના ભાઈ શ્રી ભવાનભાઈ ધરમશીભાઈ વેગડ (પ્રમુખશ્રી રેહા ઘટક)ની સુપૌત્રી , જીતેન્દ્રભાઈ ભવાનભાઈ વેગડ (મૂળ ગામ - રેહા) અને વૈશાલીબેન જીતેન્દ્રભાઈ વેગડ ની સુપુત્રી ધ્યાની જીતેન્દ્રભાઈ વેગડ એચ.એસ.સી. બોર્ડ-૨૦૨૩ માં ૯૧.૮૫% મેળવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર નું ગૌરવ વધારેલ છે. સમાજની દીકરીને ભવિષ્યની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભકામના સહ ખૂબ ખૂબ અભિનંદન...



માધાપર નિવાસી જયસુખ નરસિંહ ભાઈ ટાંક અને સુલોચના બેન ની સુપુત્રી રાધિકા ટાંક જે માધાપર ખાતે નટરાજ ડાન્સ એકેડેમી ચલાવે છે. જેમને અત્યાર સુધી ૧૭૭ નેશનલ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. હાલ માં તેમને અમદાવાદ ખાતે યોજાયેલ ઓલ ઇન્ડીયા નાઇન્થ કલ્ચરલ નેશનલ ડાન્સ પ્રતિયોગીતા - ૨૦૨૩માં નૃત્ય આવિષ્કાર એવોર્ડ - બેસ્ટ નેશનલ કોરીઓગ્રાફર એવોર્ડ થી સતત ૩ વખત થી સન્માનિત કરવામાં આવે છે તથા રાધિકા બેન ટાંકનું નૃત્ય વિભૂષણ એવોર્ડ થી પણ સન્માનિત કરવામાં આવેલ છે. તે બદલ તેમને અને તેમના પરિવાર ને ખૂબ ખૂબ અભનંદન.... રાધિકાબેન ટાંકને આ પહેલા ગુરુમણી એવોર્ડ , નૃત્ય આવિષ્કાર એવોર્ડ, હેમચંદ સંતાની એવોર્ડ, નેશનલ નૃત્ય શ્રી એવોર્ડ,બેસ્ટ નેશનલ કોરઓગ્રાફર જેવા રાષ્ટ્રીય એવોર્ડ થી પણ સન્માનિત કરવામાં આવેલ છે તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ...



કુ. પૂજા રાજેશભાઇ ચૌહાણ કચ્છ યુનિવર્સીટી માંથી બી.સી.એ.ની ડિગ્રી એ ગ્રેડ સાથે પાસ કરી, ૭૦% મેળવી સમાજ નું નામ રોશન કરેલ છે. સાથે સાથે પાસ કર્યા બાદ તરત જ માધાપર એક્સિસ બેન્કમાં પણ સિલેક્ટ થયા છે. તેઓ તેમની કારકિર્દી માં સફળ થાય અને સમાજ નું નામ રોશન કરે એવી શુભકામના સહ આશીર્વાદ....



માધાપર ઘટક ના ભાઈ શ્રી દિપકભાઈ નરસિંહભાઇ ચૌહાણ તથા નયનાબેન દિપકભાઈ ચૌહાણની સુપુત્રી ચિ. દેવાંશી દિપકભાઈ ચૌહાણ કચ્છ યુનીવર્સિટી માંથી માસ્ટર ઓફ કોમર્સ (એમ.કોમ.)ની ડિગ્રી અ ગ્રેડ સાથે પાસ કરી, ૭૦% મેળવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર નુ ગૌરવ વધારેલ છે...સમાજ ની દીકરી ને ભવિષ્ય ની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભ કામના સહ અભિનંદન...

# સમાજ ગૌરવ



માધાપર નિવાસી મનોજ ભાઈ ટાંક અને ઉષાબેન ની સુપુત્રી રિદ્ધિ ટાંક હાલ માં તેમને અમદાવાદ ખાતે યોજાયેલ ઓલ ઇન્ડીયા નાઇન્થ કલ્ચરલ નેશનલ ડાન્સ પ્રતિયોગીતા – ૨૦૨૩માં દ્વિતિય એવોર્ડ મેળવેલ છે. તે બદલ તેમને અને તેમના પરિવાર ને ખૂબ ખૂબ અભનંદન. આપણે આશા રાખીએ કે તે આમ જ પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ...



એચ.એસ.સી. બોર્ડ – ૨૦૨૩ ના સામાન્ય પ્રવાહના આજરોજ આવેલ પરિણામ માં માધાપર ઘટકના શ્રી સાહિલ પરેશભાઈ સોલંકી ૯૧.૫૭% સાથે એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી માધાપર ઘટકનું ગૌરવ વધારેલ છે. ભુજ ની ચાણક્ય એકેડેમી શાળા પરિવાર તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી સંજય પરમાર દ્વારા સાહિલ ને SSC બાદ ગુજરાતી માધ્યમ માંથી અંગ્રેજી માધ્યમ માં આવીને ઝળહળતી સફળતા મેળવવા બદલ સન્માન કરી શુભેચ્છાઓ આપી હતી.




નૃત્યગુરૂ શ્રીમતિ વૈશાલી સોલંકી ના માર્ગદર્શન હેઠળ મે મહિના માં પુરી, ઓરિસ્સા મધ્યે આયોજીત શ્રી જગન્નાથધામ મહોત્સવ માં આપણાં સમાજની દિકરીઓ બધી કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે વિજેતા બની છે ! ૧૧ રાજ્યના ૩૫૦ થી વધુ પર્ફોર્મન્સ માં માધાપર ઘટકની રિદ્ધિ ચૌહાણને છ, રિયા રાઠોડને પાંચ, દુર્વા રાઠોડને ચાર, રિંધમ રાઠોડને ચાર અને મહિમા રાઠોડને ત્રણ પ્રથમ રાષ્ટ્રીય પુરષ્કાર મળ્યા છે !

રિદ્ધિ ચૌહાણ : 1. DUET : Winner, 2. SENIOR FOLK GR :Winner, 3. OPEN FOLK GR : Winner, 4. YOUTH FOLK GR :Winner, 5. YOUTH SEMI GR : Winner, 6. SENIOR SEMI GR : Winner

રિયા રાઠોડ : 1. DUET : Winner, 2. TRIO : Winner, 3. JR SEMI GR : Winner, 4. JR FOLK GR : Winner, 5. SR SEMI GR :Winner

દુર્વા રાઠોડ : 1. DUET : Winner, 2. TRIO : Winner, 3. SR SEMI GR :Winner, 4. SR FOLK GR: Winner

મહિમા રાઠોડ : 1. SOLO : Winner, 2. JR SEMI GR :Winner, 3. JR FOLK GR : Winner

રિધમ રાઠોડ : 1. TRIO : Winner, 2. SR SEMI GR :Winner, 3. SR FOLK GR : Winner, 4. YOUTH FOLK GR :Winner.

શ્રીમતિ વૈશાલીબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ ૨૦ પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને બધી ૨૦ પ્રસ્તુતિ વિજેતા જાહેર થઇ હતી જે એક રેકોર્ડ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વૈશાલીબેન, અખિલ ભારતીય મહિલા મહામંડળ ના સાંસ્કૃતિક સમિતી ના મંત્રી છે અને ન માત્ર સમાજની દિકરીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પુરૂં પાડી રહ્યા છે પણ સાથે સાથે નૃત્યના ફિલ્ડમાં સમાજની દિકરીઓને આર્થિક રીતે આત્મનિર્ભર પણ બનાવી રહ્યા છે ! આ સફળતા મેળવવા બદલ વૈશાલીબેન અને નુપુરની દિકરીઓને હાર્દિક શુભેચ્છા !



કુકમા ઘટક ના શ્રી સુરેશભાઈ ચૌહાણ તથા દક્ષાબેન ચૌહાણ ની સુપુત્રી અપેક્ષા સુરેશભાઈ ચૌહાણએ કચ્છ યુનિવર્સિટીમાંથી બી.સી.એ.ની ડીગ્રી 'એ' ગ્રેડ સાથે સાથે પાસ કરી ૭૦% મેળવી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા નું ગૌરવ વધારેલ છે. સમાજ ની દિકરી ને ભવિષ્યની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભકામનાઓ સહ અભિનંદન..



માધાપર ઘટક નિવાસી શ્રી સંજયભાઇ વેલજીભાઇ રાઠોડ અને શ્રીમતી તેજલબેન રાઠોડના પુત્ર શિવમ રાઠોડે મેકેનીકલ ઇન્જીનિયર બી.ટેક.માં ૯.૫૧ સી.પી.આઇ. ગુણ મેળવી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા...

# સમાજ ગૌરવ



માધાપર ઘટક ના ભાઈ શ્રી નવીનભાઈ શિવજીભાઈ પરમાર તથા પ્રતિમાબેન નવીનભાઈ પરમાર ની સુપુત્રી સ્તુતિ નવીનભાઈ પરમારની કલાસ-૨ ઓફિસર તરીકે ગુજરાત વોટર સપ્લાય એન્ડ સિવેજ બોર્ડ (GWSSB) માં પસંદગી થઈ છે. GPSC ની પરીક્ષા પાસ કર્યા બાદ પસંદગી થવા બદલ ખુબ ખુબ અભિનંદન. સ્તુતિએ આ પ્રતિષ્ઠિત હોદ્દો મેળવી સમસ્ત સમાજ નું ગૌરવ વધારેલ છે. સમાજની હોનહાર દીકરીને ભવિષ્ય ની કારકિર્દી ઉજ્જવળ રહે તેવી શુભ કામના સાથે અભિનંદન.



માધાપર ઘટક નિવાસી શ્રી વિનોદભાઇ અમૃતલાલભાઇ ગોહિલ અને શ્રીમતી રક્ષાબેન ગોહિલની સુપુત્રી કુ. પુર્વા ગોહિલે ધ મહારાજ સૈયાજીરાવ યુનિ.માંથી એમ.પી.એ. (ભારત નાટ્યમ વિભાગ)ની પરીક્ષા ૯૩.૬૦% ગુણ મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની શુભેચ્છા.



પૂર્વ ઓડિશા બ્રહ્મપુર ઘટકના શ્રી જયંતિલાલ રામજીભાઇ ચૌહાણ જે ગોદાવરીશ મહાવિદ્યાલયમાં ડીમોસ્ટ્રેટર તરીકે કાર્યરત છે તેમને પ્રિન્સીપાલ શ્રી વિનાયક હોતા મહોદય આમંત્રણ આપ્યું કે તમે ઘણા વર્ષ થયા યોગ અભ્યાસ કરો છો તો તમે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તા. ૨૧-૦૬-૨૦૨૩ના સવારે ૬.૩૦ થી ૭.૩૦ વાગે આપણી કોલેજમાં યોગ દિવસ પર કાર્યક્રમ સંભાળી આયુષ મંત્રાલય દ્વારા જારી યોગ પ્રશિક્ષણ આપવા માટે પધારો. તો શ્રી જયંતિલાલભાઇ તેમનું કાર્ય તા. ૨૧-૬-૨૦૨૩ના યોગ દિવસ પર સુચારૂ રૂપે સંભાળી કોલેજમાં પ્રશંસાના પાત્ર બન્યા હતા અને ત્યાર બાદ પ્રિન્સીપાલ તરફથી તેમને પ્રશંસાપત્ર પણ આપવામાં આવેલ. બ્રહ્મપુર ઘટક તરફથી તેમને ખુબ ખુબ અભિનંદન.



મુળ ગામ : રેહા, હાલે ભુજ નિવાસી સૌ. રેણુકાબેન તથા શ્રી દિપકભાઇ ગોપાલજીભાઇ ચૌહાણના સુપુત્ર ચિ. અર્પિત ચૌહાણએ ધ ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડીયા દ્વારા સી.એ.ની ફાઇનલ પરીક્ષા પાસ કરીને આપણા સમાજ તથા પરિવારને ગૌરવ અપાયેલ છે તેમને અભિનંદન અને શુભકામના...



મુળ ગામ ચંદિયા, હાલે અંજાર નિવાસી સૌ. જ્યોતિબેન તથા શ્રી હરીશભાઇ શાંતિલાલ ચાવડાની સુપુત્રી ચિ. નિધી ચાવડા હાલે મહારાજા સૈયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટસના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. એમ.એ. વીથ ઇકોનોમિક્સનો અભ્યાસ કરતી ચિ. નિધી ચાવડાની ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા ઇન્ટરશીપ માટે વિશેષ પસંદગી કરવામાં આવેલ છે. આ પ્રોગ્રામમાં પસંદ થવા માટે વિવિધ પ્રકારના અઘરા તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. ત્રણ માસના આ પ્રોગ્રામ માટે રૂા. ૧૦ હજાર સ્ટાઇપેન્ડ તથા દિલ્હી આવવા-જવાનું વિમાન ભાડું મેળવનાર ચિ. નિધી પોતાની આ સફળતા બદલ પરિવાર, સમાજ અને શિક્ષકગણનો આભાર માને છે. તેણીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામના.



મુળ રેહા હાલે દહિંસરા નિવાસી શ્રી નરેન્દ્રભાઇ કેશવજીભાઇ ચૌહાણ તથા નિર્મળાબેનની પુત્રી આરતી ચૌહાણે ગુજરાત સરકારની શિક્ષકની પરીક્ષા માટે ટાટ-૧, ટાટ-૨ પરીક્ષા ઉચ્ચ મેરીટ ટકાવારી સાથે ટાટ-૧ - ૧૨૩ ગુણ અને ટાટ-૨ - ૧૪૩ ગુણ ૧ થી ૯ની ટકાવારીમાં સ્થાન મેળવી બંને પરીક્ષા ઇંગ્લીશ, ગુજરાતી માધ્યમ સાથે સફળતા સાથે પાસ કરીને પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યું છે તેમને ખૂબ ખૂબ અભિનંદન.

## સમાજ ગૌરવ



અંજાર નિવાસી શ્રી દિપકભાઇ કનકસિંહભાઇ પઢિઆર તથા શ્રીમતી દીનાબેનના પુત્ર ચિ. માધવ એ અમદાવાદની એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરી Er. E.C. (ઇલેક્ટ્રોનિક્સ કોમ્યુનિકેશન)ની ફાઇનલ પરીક્ષા ફર્સ્ટ ક્લાસ સાથે પાસ થયેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ પ્રગતિની શુભકામનાઓ...



અંજાર નિવાસી શ્રી અરવિંદભાઇ કનકસિંહભાઇ પઢિઆર તથા શ્રીમતી જાગૃતિબેન પુત્ર ચિ. ભાવિક (Er. Civil) એ વડોદરાની સૈયાજીરાવ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી જુન-૨૦૨૨માં લેવાયેલ સીવીલ ઇન્જીનિયરીંગની ફાઇનલ પરીક્ષા ફર્સ્ટ ક્લાસ સાથે પાસ થયેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ પ્રગતિની શુભકામનાઓ...


**મેરેજને લગતી તમામ આઇટમ મેળવવા માટેનું એકમાત્ર સ્થળ એટલે જ**

**લગ્નસરા**



- લગ્નવિધિ આઇટમ
- ડેકોરેશન
- ગીફ્ટ આઇટમ
- કરિયાવર
- આણાની આઇટમ
- લગ્ન પ્રસંગની આઇટમ વગેરે

બહાર ગામ વસતા સમાજબંધુઓને કૂરીયરથી મોકલવાની વ્યવસ્થા છે

પ્રો : રોહનભાઈ ટાંક

ટીપી-૩, ખીજડા મામા મંદિર રોડ, ખત્રી ચોક, ૧૨મી. રોડ, અંજાર (કચ્છ) મો.નં. : 8141968106

@lagansara the weddings studio


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.


**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭


Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**



**M/s. SAMEER TRADERS (Agencies House)**

**3rd DIMENSION (Architect & Engineers)**

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ચામુંડા માતાજી || || જયશ્રી વાછરાડાડા ||

# શ્રી ચામુંડા માતાજી સોલંકી પરિવાર - જાંબુડી

સર્વે ગોઠી ભાઇ-બહેનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીના સ્થાનકે આસો નવરાત્રી નિમિત્તે માતાજીના હવનનું આયોજન કરવામાં આવેલ છે.

**આસો સુદ-૮, તા. ૨૨-૧૦-૨૦૨૩, રવિવારના હવનાષ્ટમી** નિમિત્તે હોમ-હવન એવં સમુહ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. જે ગોઠી ભાઇઓને હવનાષ્ટમીના શુભ દિવસે હવનમાં બેસવાનો લાભ લેવા માંગતા હોય તેમણે નીચે જણાવેલ ગોઠી ભાઇઓનો સંપર્ક **તા. ૧૫/૧૦/૨૦૨૩** સુધી કરવાનો રહેશે. આ શુભ અવસરે સર્વે ગોઠી ભાઇઓને માતાજીના હોમ-હવન, દર્શન એવં મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે. કુટુંબની નિયાણીઓને પણ આમંત્રણ આપવા વિનંતી.

**:: મંગલમય પ્રસંગોની હારમાળા ::**

**આસો સુદ-૭, શનિવાર, તા. ૨૧-૧૦-૨૦૨૩**

સવારે ૯.૦૦ કલાકે ચંડીપાઠનું આયોજન કરેલ છે.

બપોરે ૧૨.૩૦ કલાકે આરતી

(પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.)

**આસો સુદ-૮, રવિવાર, તા. ૨૨-૧૦-૨૦૨૩**

સવારે ૮.૦૦ કલાકે સ્થાપના તથા પૂજન

સવારે ૯.૦૦ કલાકે હવન (તેજસ મહારાજ દ્વારા)

બપોરે ૧૨.૩૦ કલાકે મહાઆરતી

બપોરે ૧.૦૦ કલાકે નિવેદ તથા મહાપ્રસાદ

**:: નિમંત્રક ::**

**અ.સૌ. રૂચીતાબેન નવીનભાઇ સોલંકી**

(માતાજીના ભુવીમાં)

**કમલેશભાઇ ધારશીભાઇ સોલંકી** - પ્રમુખ

**વેલજીભાઇ સોલંકી** - ઉપપ્રમુખ

**કપીલ ડી. સોલંકી** - મંત્રી

**કપીલ એસ. સોલંકી** - સહમંત્રી

**જયેન્દ્ર એમ. સોલંકી** - ઓડીટર

**મો. ૮૫૧૧૯૩૮૬૦૦, ૯૯૧૩૪૭૧૬૬૮**

# કમધજીયા રાઠોડ પરિવાર - કુંભારીયા

સર્વે રાઠોડ પરીવારના ગોઠી ભાઈઓ - બહેનોને સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો સુદ નોમ નવરાત્રીમાં આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીની પરમ કૃપાથી **આસો સુદ નોમ સોમવાર તા. ૨૩-૧૦-૨૦૨૩ના રોજ માતાજીના સ્થાનક કુંભારીયામાં હોમ-સમુહ, હવન સમુહ ,નૈવેદ્ય નું આયોજન રાખેલ છે.** તો સર્વે ગોઠી ભાઈઓને સહ પરિવાર પધારવા માતાજી એ દર્શન સાથે સમુહ પ્રસાદ, સમુહ હવન, નો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે. હવનમાં બેસવા ઈચ્છતા પરિવારજનો એ અગાઉ થી પુજારી શ્રી, અથવા કાર્યકર્તા ભાઈઓ ને નામ નોધાવી જાણ કરવી. જે ગોઠી ભાઈઓને હવનમાં બેસવાની ઈચ્છા હોય તેમણે વહેલાસર જણાવી દેવું જેથી વ્યવસ્થા થઈ શકે.

**માતાજીના ફંડફાળા માટે નો બેન્ક એકાઉન્ટ નંબર :**

90830100026611

IFsc code BARB0DBNAYA

(note IFSC Code ma BARB Zero DBNAYA che.)

**રાજેશ ડી. રાઠોડ - ૯૮૯૮૨૩૨૯૬૯**

**ઉમેશ એમ. રાઠોડ - ૯૯૨૫૯૪૮૬૭૮**

**કાન્તિલાલ જે. રાઠોડ - ૯૮૨૪૫૮૨૩૬૧**

# દેવળીયા સ્થાનકવાસી વરૂ ગોઠી પરિવાર જોગ

દેવળીયા સ્થાનકવાસી વરૂ ગોઠી પરીવારને જાણ કરવામાં આવે છે કે આગામી અશ્વીની નવરાત્રી આસો સુદ-૧, રવિવારને **તા. ૧૫-૧૦-૨૦૨૩ના ઘટ સ્થાપન સવારે ૮.૩૦ વાગે વાડી વાવી અખંડ જ્યોત તથા નવચંડી પાઠનો શુભ પ્રારંભ થશે. આસો સુદ-૮ (આઠમ)ને રવિવારના તા. ૨૨-૧૦-૨૦૨૩ના હવનાષ્ટમીના બપોરે શ્રીફળ હોમવામાં આવશે.** ત્યારબાદ માતાજીને નૈવેધ પ્રસાદ ધરાવવામાં આવશે. સર્વે ગોઠી પરિવારજનોને હવનના દર્શન કરવા તથા માતાજીના નૈવેધ પ્રસાદ લેવા **યજમાન પરિવાર શ્રી ઇશ્વરલાલ રામજીભાઇ કરશનભાઇ વરૂ પરીવાર મુળ ગામ જાંબુડી હાલે માધાપર** નિવાસી તરફથી માતાજીના સ્થાનેક પધારી લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે. હવનમાં બેસવા માંગતા ગોઠી ભાઇઓએ પોતાનું નામ **તા. ૧૦/૧૦/૨૩** સુધીમાં શ્રી મહેન્દ્રભાઇ વરૂ - માધાપરને જાણ કરવા વિનંતી. વિશેષમાં વરૂ ગોઠી પરિવારના આંબામાં સુધારો-વધારો સાથે નવો (વંશાવલી) બનાવવાનો હોતાં તમામ પરીવાર વડીલોના ત્રણથી ચાર પેઢીના નામોની યાદી વ્યવસ્થિત બનાવી સંપૂર્ણ વિગત સાથે મોકલી આપવા વિનંતી છે તથા તમારું હાલનું / કાયમી સરનામું, મોબાઇલ નંબર સહિતની સંપૂર્ણ વિગત શ્રી મહેન્દ્રભાઇ વરૂ - માધાપરને મોકલી આપવા વિનંતી છે.

**- મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ - મો. ૯૪૨૮૮૧૮૯૨૫**

॥ જય શ્રી ખોડિયાર માં ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય શ્રી અંબાજી માતાજી ॥ ॥ જય શ્રી કૃષ્ણ ॥



### શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ખોડિયાર (ચુડાસમા) માતાજી પરિવાર - અંજાર

# સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ મહોત્સવ





**:: કથા પ્રારંભ ::**
તા. ૩૧/૧૨/૨૦૨૩,
રવિવાર, માગસર વદ-૦૪

**:: કથા વિરામ ::**
તા. ૦૬/૦૧/૨૦૨૪,
શનિવાર, માગસર વદ-૧૦

**:: નારાયણ યજ્ઞ ::**
તા. ૦૭/૦૧/૨૦૨૪,
રવિવાર, માગસર વદ-૧૧

**:: કથા વિરામ ::**
સવારે ૯.૦૦ થી ૧૨.૦૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦

**:: કથા સ્થળ ::**
શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન, અંજાર (કચ્છ)

**પોથી શુલ્ક રૂા. ૨૫,૦૦૦/-**

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ખોડિયાર (ચુડાસમા) માતાજી પરિવાર - અંજાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આ કથામૃતના મુખ્ય વક્તા અંજારના સુપ્રસિદ્ધ કથાકાર **પ.પૂ. શ્રી દિનેશભાઈ રાવલ** વ્યાસપીઠ પર બિરાજી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. મુખ્ય આચાર્ય **શ્રી કપિલ મહારાજ** રહેશે. કુટુંબના સર્વે પરિવારજનો જેઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે પોથી નોંધાવવા માટે સહર્ષ નિમંત્રીત છો. વહેલી તકે આપશ્રીએ આપની પોથી નોંધાવવા વિનંતી. અંજાર બહારથી પોથી નોંધાવનાર સર્વે કુટુંબીજનો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. **પોથી નોંધાવવા માટેની અંતિમ તા. ૧૩/૧૧/૨૦૨૩, સોમવાર, આસો વદ અમાસ (દિવાળી) છે.**

**:: કથાના પાવન પ્રસંગો ::**

**પોથી યાત્રા :** તા. ૩૧/૧૨/૨૦૨૩, માગસર વદ-૪, રવિવાર
**શ્રી નૃસિંહ જન્મોત્સવ :** તા. ૦૨/૦૧/૨૦૨૪, માગસર વદ-૬, મંગળવાર
**શ્રી કૃષ્ણ જન્મોત્સવ :** તા. ૦૩/૦૧/૨૦૨૪, માગસદર વદ-૭, બુધવાર
**ગોવર્ધન ઉત્સવ :** તા. ૦૪/૦૧/૨૦૨૪, માગસર વદ-૮, ગુરૂવાર
**રૂક્ષ્મણી વિવાહ :** તા. ૦૫/૦૧/૨૦૨૪, માગસર વદ-૯, શુક્રવાર
**કથા વિરામ :** તા. ૦૬/૦૧/૨૦૨૪, માગસર વદ-૧૦, શનિવાર
**નારાયણ યજ્ઞ :** તા. ૦૭/૦૧/૨૦૨૪, માગસર વદ-૧૧, રવિવાર
**કુટુંબનું મહા અધિવેશન :** તા. ૦૭/૦૧/૨૦૨૪, માગસર વદ-૧૧, રવિવાર

**:: પોથી નોંધાવવા માટે સંપર્ક ::**

**અનિલભાઈ પુરૂષોત્તમભાઈ ખોડિયાર** - પ્રમુખશ્રી - મો. ૯૮૨૫૨૩૬૧૫૧ **વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર** - મંત્રીશ્રી - મો. ૯૪૦૮૨૪૪૬૪૪

**તા.ક.** ખોડિયાર પરિવારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે પણ ઉપરોક્ત નંબર પર જાણ કરવા વિનંતી.
સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંગે વધારે માહિતિ આવતા અંકમાં તેમજ માતાજીના વોટ્સએપ ગ્રુપમાં આપવામાં આવશે.

## શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) માતાજી દેવસ્થાન-અંજાર

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ખોડિયાર (ચુડાસમા) માતાજીના દેવસ્થાન-અંજાર મધ્યે પવિત્ર **આસો માસના આઠમ (હવનાષ્ટમી)ના શુભ દિવસે હોમ-હવન તથા કુટુંબના ભાઈ-બહેનો માટે સમુહ મહાપ્રસાદનું આયોજન તા. ૨૨/૧૦/૨૦૨૩, રવિવાર**ના રોજ કરવામાં આવેલ છે. કુટુંબના સૌ ભાઈ-બહેનોને લાભ લેવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે. કુટુંબના કોઈપણ ભાઈ-બહેનને હોમ-હવનનો લાભ લેવાની તેમજ કુટુંબના ભાઈઓ-બહેનો માટે સમુહ પ્રસાદના યજમાન બનવાની ઈચ્છા હોય તો **તા. ૧૬-૯-૨૦૨૩** સુધી નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**અનિલભાઈ પુરૂષોત્તમભાઈ ખોડિયાર - પ્રમુખ**
**મો. ૯૮૨૫૨૩૬૧૫૧**
**વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર - મંત્રી**
**મો. ૯૪૦૮૨૪૪૬૪૪**
**સમસ્ત હોદ્દેદારશ્રીઓના જય માતાજી**

## શ્રી ચામુંડા માતાજી (કમધજીયા રાઠોડ) પરિવાર - નાગલપર

કમધજીયા રાઠોડ પરિવાર - નાગલપરના સૌ ગોઠી ભાઈઓને જણાવવાનું કે, કુળદેવીની કૃપાથી દર વર્ષની જેમ માતાજીના સ્થાનકમાં આસો નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે તે મુજબ આ વર્ષે **આસો સુદ આઠમ તા. ૨૨-૧૦-૨૦૨૩ને રવિવારના રોજ હવનાષ્ટમીના માતાજીનો હવન તેમજ આસો સુદ નોમ, તા. ૨૩-૧૦-૨૦૨૩, સોમવારે સમુહ નોમ તથા કાંબી છોડવાનું આયોજન કરેલ છે.** તો આ બંને દિવસે સૌ ગોઠી ભાઈઓને સહકુટુંબ પ્રસાદ લેવા આમંત્રણ છે તથા જે ગોઠી ભાઈઓ હવનમાં બેસવા ઈચ્છતા હોય તેઓ અગાઉથી જાણ કરશો.

ફાળો નોંધાવવા માટે A/c. No. 761110005188 તથા IFSC code BARB0BGGBXX (5th Character is Zero)

**પંકજભાઈ પ્રાગજીભાઈ રાઠોડ - ૯૮૨૫૨૯૩૧૧૪**
**નરભેરામભાઈ ખીમજીભાઈ રાઠોડ - ૮૧૪૧૨૩૨૬૩૭**
**પંકજ શીવલાલભાઈ રાઠોડ - ૯૮૨૫૬૪૪૪૯૬**

# અનંતની યાત્રાએ...



રાજનાંદગાંવ (કુકમા) નિવાસી શ્રી ધરમશીભાઇ કરમશીભાઇ પરમાર (ઉ.વ.૯૦)નું તા. ૨૩-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (દેવળીયા) નિવાસી ગં.સ્વ. મંજુલાબેન ભગવાનલાલ મારૂ (ઉ.વ.૭૫)નું તા. ૦૯-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાજનાંદગાંવ (હાજાપર) નિવાસી શ્રી રવિશભાઇ લીલાધરભાઇ ટાંક (ઉ.વ.૩૮)નું તા. ૦૮-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ચંદ્રપુર-બલ્લારશાહ (રેહા) નિવાસી શ્રી ગોવિંદભાઇ ભવાનજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૫)નું તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બુઢાર (કુંભારીયા) નિવાસી શ્રી મોહનલાલ શીવજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૨૮-૦૬-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ચંદ્રપુર-બલ્લારશાહ (હાજાપર) નિવાસી શ્રીમતી હરીબેન પ્રકાશભાઇ પરમાર (ઉ.વ.૬૯)નું તા. ૧૧-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



હિંગોલી (દેવળીયા) નિવાસી શ્રીમતી કુસુમબેન મોરારભાઇ ટાંક (ઉ.વ.૮૩)નું તા. ૧૫-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




ચંદ્રપુર-બલ્લારશાહ (રેહા) નિવાસી ગં.સ્વ. સુશીલાબેન રવજીભાઇ ચૌહાણ (ઉ.વ.૯૦)નું તા. ૨૧-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બિલાસપુર (સિનુગ્રા) નિવાસી શ્રીમતી હેમલતાબેન ગોપાલભાઇ ચૌહાણ (ઉ.વ.૭૯)નું તા. ૨૨-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (કુંભારીયા) નિવાસી શ્રીમતી વનીબેન મહેન્દ્રભાઇ સાવરીયા (ઉ.વ.૭૧)નું તા. ૨૬-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી દિલીપભાઇ મોહનભાઇ પરમાર (ઉ.વ.૬૫)નું તા. ૨૦-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



મુંબઇ (સિનુગ્રા) નિવાસી શ્રી જીતેન્દ્રભાઇ દલપતભાઇ ટાંક (ઉ.વ.૬૧)નું તા. ૨૨-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી મુરલીધરભાઇ જીવરામભાઇ ટાંક (ઉ.વ.૫૨)નું તા. ૨૦-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



લાતુર (કુંભારીયા) નિવાસી ગં.સ્વ. હેમલતાબેન મનજીભાઇ રાઠોડ (ઉ.વ.૮૭) તે શ્રી અશોકભાઇ (પ્રમુખશ્રી મરાઠવાડા)ના માતૃશ્રીનું તા. ૩૧-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



સિનુગ્રા (અંજાર) નિવાસી શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ રાઠોડ (ઉ.વ.૬૬)નું તા. ૨૩-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બિલાસપુર નિવાસી ગં.સ્વ. ગોદાવરીબેન અર્જુનભાઇ ચાવડા (ઉ.વ.૮૬)નું તા. ૩૧-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

# અનંતની યાત્રાએ...



રાયપુર (અંજાર) નિવાસી ગં.સ્વ. જયાબેન જયરામભાઇ ખોડિયાર (ઉ.વ.૮૮)નું તા. ૦૧-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (દેવળીયા) નિવાસી ગં.સ્વ. મુક્તાબેન દયારામભાઇ ચાવડા (ઉ.વ.૮૭)નું તા. ૨૬-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બિલાસપુર નિવાસી ગં.સ્વ. લક્ષ્મીબેન કાંતિલાલભાઇ જેઠવાનું તા. ૧૬-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર નિવાસી ગં.સ્વ. નર્મદાબેન જેન્તીલાલભાઇ વરૂ (ઉ.વ.૯૧)નું તા. ૦૬-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કટક (ખંભરા) નિવાસી ગં.સ્વ. નિર્મળાબેન કેશવલાલ ટાંક (ઉ.વ.૮૭)નું તા. ૦૯-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (નાગલપર) નિવાસી શ્રમિતી મોહીનીબેન ગીરીશભાઇ રાઠોડ (ઉ.વ.૫૮)નું તા. ૧૩-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



મોગલસરાઇ (ચંદિયા) નિવાસી શ્રીમતી વનિતાબેન કમલભાઇ ચાવડા (ઉ.વ.૬૬)નું તા. ૧૪-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી માવજીભાઇ વલમજીભાઇ ખોડિયાર (ઉ.વ.૯૪)નું તા. ૦૭-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




રાંચી (દેવળીયા) નિવાસી શ્રી જીતેન્દ્રભાઇ કેશવજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૦)નું તા. ૦૭-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અમદાવાદ (સિનુગ્રા) નિવાસી શ્રીમતી સાવિત્રીબેન શાંતિલાઇભાઇ ટાંક (ઉ.વ.૭૪)નું તા. ૧૩-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાજનાંદગાંવ (નાગલપર) નિવાસી ગં.સ્વ. ચંપાબેન પુરૂષોત્તમભાઇ રાઠોડ (ઉ.વ.૮૭) તે ઇશ્વરભાઇ રાજનાંદગાંગ ઘટક પ્રમુખના માતૃશ્રીનું તા. ૧૯-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાંદેડ (સિનુગ્રા) નિવાસી શ્રી જાદવજીભાઇ શામજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૪)(પૂર્વ પ્રમુખ નાંદેડ ઘટક)નું તા. ૨૬-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



પાલહુડા (દેવળીયા) નિવાસી શ્રી અરૂણભાઇ લધાભાઇ રાઠોડ (ઉ.વ.૭૭)નું તા. ૧૭-૦૭-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



જયપુર (માધાપર) નિવાસી ગં.સ્વ. દમયંતીબેન પ્રવિણભાઇ વેગડ (ઉ.વ.૬૫)નું તા. ૧૩-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી ગં.સ્વ. કસ્તુરીબેન શાંતિલાલભાઇ રાઠોડ (ઉ.વ.૯૦)નું તા. ૧૬-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગાંધીધામ (જાંબુડી) નિવાસી ગં.સ્વ. મનોરમાબેન મોરારજીભાઇ સોલંકી (ઉ.વ.૮૮) તે મહાસભાના કા.વા. સભ્ય જયેન્દ્રભાઇના માતૃશ્રીનું તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)



|| ઓમ શાંતિઃ ||
ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે
બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
(ખંભરા)
ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341
ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)




માધવ સ્વીમીંગ – કુકમા
આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...
સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...
શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ
આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)
શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર
બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા
માધવ સ્વીટ એન્ડ નમકીન
બસ સ્ટેશન પાસે, કુકમા
શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧
શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

**VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.**

**VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.**

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**


Switchboards
tested for 125 kA
peak
Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power Systems
Unique Power Systems
Anil Khodiyar
+ 91 98252 36151
Sumeet Khodiyar
+ 91 98791 95121
Jigar Khodiyar
+ 91 98794 04009
(Electrical Contractors, Consultants & Engineers)
Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels
Besides the manufacturing of Panel, we also attain works such as
~ Installation of DP Structure.
~ Installation of Cables and connecting them, etc.
~ Supply of Transformers and Vaccume Circuit Breaker
~ Rewinding Of all types of Motors and Generators.
~ Filtration and supply of Transformer Oil.
~ Supply of All types of Switchgears.
~ All Types of HT & LT deals with P.G.V.C.L
Lighten Up Your Life...
Authorised Dealer
C&S electric
AVOCAB WIRES & CABLES
HPL The Power of Technology
connectwell THE RIGHT CONNECTION
Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




*With Best Compliments*



Vipin Rathod
Managing Director

UNITRON

*The Instrumentation People*

## UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on September-2023
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

॥ જય સીયારામ ॥



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

**આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે**

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
**PAN NO. AABTS 4600 B**

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.